અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

09 MAY-2026 SATURDAY | Vol. : 17 | Issue : 306 | Page: 06 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886





સોમનાથ ભારતની અજેય સંસ્કૃતિનું પ્રતીક છે.
૧૦૦૦ વર્ષના વિનાશકારી પ્રહારો બાદ પણ સોમનાથ આજે આપણાં આત્મ-સન્માન અને સાહસનું ઉદાહરણ બની ઊભું છે.
૭૫ વર્ષ પહેલાં લોહપુરુષ સરદાર વલલભભાઇ પટેલના સંકલ્પના કારણે આધુનિક સોમનાથનો માર્ગ પ્રશસ્ત થયો.
માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે આ પાવન ભૂમિ ભારતના સાંસ્કૃતિક પુનરુત્થાનનો ઉદ્ઘોષ કરી રહી છે.

**આ સ્વર્ણિમ અવસરના સાક્ષી બનો**

**મુખ્ય કાર્યક્રમો**

કળશ યાત્રા | ભજન સંધ્યા | ઓમકાર મંત્રના જાપ | સોમનાથ પુસ્તિકામાં મંત્રલેખન
સોમનાથ સાથે જોડાયેલી કથાઓનું વાંચન

સોમનાથ આશાનું એ ગીત જે આપણને શીખવાડે છે કે વિનાશની શક્તિ કરતાં સર્જનની શક્તિ ખૂબ જ પ્રબળ હોય છે.
શ્રી નરેન્દ્ર મોદી, માનનીય વડાપ્રધાન (અધ્યક્ષ, શ્રી સોમનાથ ટ્રસ્ટ)

**શ્રી સોમનાથ મંદિર પરિસર, પ્રભાસ પાટણ | ૮થી ૧૧ મે, ૨૦૨૬**

સોમનાથની વિરાસતનો આ મહોત્સવ આપણી નવી પેઢીને ગૌરવશાળી ઈતિહાસ અને સનાતન સંસ્કારો સાથે જોડવાનું મહાપર્વ છે.
— શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી



સોમનાથની દિવ્યતા અને ભવ્યતામાં યોગદાન આપો અને ગૌરવશાળી ઈતિહાસનો ભાગ બનો.

**સ્કેન કરો.**

3 
UAEનો દાવો - ઈરાને મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા, તેને હવામાં જ તોડી પાડ્યા, 3 ઘાયલ; અમેરિકાએ ફરી ઈરાન પર બોમ્બમારો કર્યો

4 
સોમનાથ મંદિરની ગણના જ્યોતિર્લિંગમાં પ્રથમ છે! અને એ ગુજરાતી માટે ગૌરવની વાત છે

6 
IPL ખેલાડીઓ પર 'હનીટ્રેપ'નો ખતરો : ખેલાડીઓના હોટેલ રૂમમાં બહારના લોકોને નો-એન્ટ્રી; માલિકો પર પણ રહેશે નજર

7 
2030 પહેલા અમદાવાદ એરપોર્ટને વર્લ્ડ ક્લાસ બનાવાશે, એક મહિનામાં પ્લેન ક્રેશનો રિપોર્ટ આવશે': નાગરિક ઉડ્ડયન મંત્રી


### રાજ્યપાલને મળવા પહોંચ્યા : સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે, ; શાહ બોલ્યા- મહિલાઓની સુરક્ષા પ્રાથમિકતા

# સુવેન્દુ અધિકારી બંગાળના નવા મુખ્યમંત્રી

### નવી સરકારની રચના સંબંધિત અપડેટ્સ માટે નીચેના લાઇવ બ્લોગમાંથી પસાર થાઓ...









**જયપુર, તા.08**

સુવેન્દુ અધિકારી પશ્ચિમ બંગાળના નવા મુખ્યમંત્રી હશે. કોલકાતામાં કન્વેન્શન સેન્ટરમાં આયોજિત ધારાસભ્ય દળની બેઠકમાં તેમને નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા. બેઠક બાદ અમિત શાહે તેમના નામની જાહેરાત કરી. શાહે બેઠકને સંબોધિત કરતા કહ્યું કે, 1950થી જે વિચારને લઈને અમે નીકળ્યા, શ્યામા પ્રસાદ મુખર્જીના વિચારને લઈને નીકળ્યા. આજે તેમની જ પાર્ટીની સરકાર બની. મમતાજીના શાસનમાં ગુનેગારો રાજનેતા બની ગયા તો વિકાસની કોઈ શક્યતા જ ન રહી. થોડા જ મહિનામાં આ બધું ખતમ થઈ જશે. સુવેન્દુ સવારે 10 વાગ્યે કોલકાતાના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડમાં મુખ્યમંત્રી પદના શપથ લેશે. શપથ ગ્રહણ સમારોહમાં PM મોદી, શાહ સહિત NDAના અનેક મોટા નેતાઓ સામેલ થશે. 56 વર્ષીય સુવેન્દુએ CM મમતા બેનર્જીને ભવાનીપુરથી હરાવ્યા છે. તેઓ નંદીગ્રામથી પણ સતત બીજી વખત ચૂંટણી જીત્યા. અહીંથી 2021માં તેમણે મમતાને હરાવ્યા હતા. ભાજપે વિધાનસભા ચૂંટણીમાં 207 બેઠકો જીતી છે.

ગંગોત્રીથી ગંગાસાગર સુધી, આજે ભાજપની સરકાર: 100 વર્ષની વૈચારિક યાત્રા પછી ગંગોત્રીથી ગંગાસાગર સુધી, આજે ભાજપની સરકાર બની છે. 1950થી જે વિચારને લઈને અમે નીકળ્યા, શ્યામા પ્રસાદ મુખર્જીના વિચારને લઈને નીકળ્યા. આજે તેમની જ પાર્ટીની સરકાર બની. બંગાળમાં ભાજપનો ઝંડો ફરકાવવાનું સપનું પૂરું થયું: કલમ 370 હટાવવામાં આવી ત્યારે દેશભરના કાર્યકરોમાં ખુશી હતી. પરંતુ ઘણા કાર્યકરોએ કહ્યું હતું કે હજુ પણ એક કસર બાકી છે. તેમણે કહ્યું કે બંગાળમાં ભાજપનો ઝંડો ફરકાવવાનો છે. તે પણ આજે પૂરું થઈ ગયું. ભાજપના 3 થી 207 ધારાસભ્યો થયા: અમારા ધારાસભ્યોની જીતનું સરેરાશ માર્જિન 28 હજાર છે. 3 થી 77 અને 77 થી 207 સુધીની યાત્રા અભૂતપૂર્વ છે. 9 જિલ્લામાં ટીએમસીનું ખાતું પણ ખુલ્યું નથી. દીદીનો સફાયો થઈ ગયો. ઘૂસણખોરોને શોધી શોધીને બહાર કાઢીશું: ભાજપનું વચન છે કે બંગાળની જનતાને કે માત્ર બંગાળમાંથી જ નહીં, પરંતુ આખા દેશમાંથી અમે એક-એક ઘૂસણખોરને શોધી શોધીને બહાર કાઢીશું. આ ધ્રુવીકરણનો મુદ્દો નથી. આ દેશની સુરક્ષાનો મુદ્દો છે. બંગાળની જનતાનો આભાર: ભાજપ પર ભરોસો કરીને બંગાળની જનતાને પ્રચંડ વિજય અપાવવા બદલ આભાર. બંગાળની જનતાએ જે અપેક્ષાઓ રાખી છે, અમે પૂરી કોશિશ કરીશું કે તમારા ભરોસાને સહેજ પણ ઠેસ ન પહોંચે. બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી ભાજપ સરકારમાં મુખ્ય સચિવ બની શકે છે

સૂત્રો અનુસાર, પશ્ચિમ બંગાળના વર્તમાન મુખ્ય ચૂંટણી અધિકારી (CEO) મનોજ કુમાર અગ્રવાલને ચૂંટાયેલી ભાજપ સરકારમાં મુખ્ય સચિવ બનાવી શકાય છે. મનોજ કુમાર અગ્રવાલ 1990 બેચના IAS અધિકારી અને IIT કાનપુરના પૂર્વ વિદ્યાર્થી રહ્યા છે. સુવેન્દુ બોલ્યા- સંદેશખાલી અને આરજી કર કેસની તપાસ માટે આયોગ બનાવશે, અમારા હજારો કાર્યકરોએ વર્ષો સુધી હિંસા, ઉત્પીડન અને ખોટા કેસોનો સામનો કર્યો છે. હવે ભાજપ સરકાર તેમની અપેક્ષાઓ પર ખરી ઉતરવાનું કામ કરશે. મહિલા સુરક્ષા અમારી પ્રાથમિકતા છે. સંદેશખાલી અને આરજી કર મેડિકલ કોલેજ જેવા કેસોની તપાસ માટે આયોગ બનાવવામાં આવશે. દોષિતો સામે કડક કાર્યવાહી થશે. પીએમ નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલા તમામ ચૂંટણી વચનો લાગુ કરવામાં આવશે. કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે મળીને કામ કરશે જેથી જનતાની અપેક્ષાઓ પૂરી થઈ શકે. પાર્ટીનો લક્ષ્ય પશ્ચિમ બંગાળનું પુનર્નિર્માણ કરવાનો છે. નિવૃત્ત ન્યાયાધીશોની આગેવાની હેઠળ આયોગોની રચના કરવામાં આવશે.

## વિજય સતત ત્રીજા દિવસે રાજ્યપાલને મળવા પહોંચ્યા : સરકાર બનાવવા માટે કોંગ્રેસ અને લેફ્ટનું સમર્થન મળ્યું; બહુમતી માટે વધુ 2 ધારાસભ્યો જરૂરી

### તમિલનાડુમાં કોંગ્રેસ સાથે ગઠબંધન તૂટ્યા પછી DMKએ લોકસભામાં પોતાના સાંસદોની બેઠક વ્યવસ્થા બદલવાની માંગ કરી છે

**તમિલનાડુ, તા.08**

તમિલનાડુમાં TVK ચીફ અને અભિનેતા વિજય સતત ત્રીજા દિવસે રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરને મળવા લોકભવન પહોંચ્યા છે. તેઓ રાજ્યપાલને મળીને સરકાર બનાવવાનો દાવો રજૂ કરી શકે છે. વિજયને લેફ્ટ પાર્ટીઓ, CPI અને CPI(M)એ સમર્થન આપવાની જાહેરાત કરી દીધી છે. બંને પાસે 2-2 ધારાસભ્યો છે. વિજય પાસે કોંગ્રેસના 5 ધારાસભ્યોનું સમર્થન પહેલેથી જ છે. TVKએ ચૂંટણીમાં 108 બેઠકો જીતી છે. વિજય બે બેઠકો પર જીત્યા છે. તેમને એક બેઠક છોડવી પડશે. સરકાર બનાવવા માટે બહુમતીનો આંકડો 118 છે. આવા સંજોગોમાં વિજયને વધુ 11 ધારાસભ્યોની જરૂર છે. કોંગ્રેસના 5 અને લેફ્ટ પાર્ટીઓના 4 ધારાસભ્યોના સમર્થન છતાં વિજય પાસે 116 ધારાસભ્યો જ હશે. તેમને સરકાર બનાવવા માટે વધુ બે ધારાસભ્યોનો સાથ જોઈશે. સૂત્રોનો દાવો છે કે વિદુથલાઈ ચિરુથાઈગલ કાચી (VCK) પોતાના બે ધારાસભ્યો સાથે વિજયને સમર્થન આપવા તૈયાર છે. જોકે, પાર્ટીએ હજુ સુધી ઔપચારિક જાહેરાત કરી નથી. વિજયે 6 અને 7 મેના રોજ પણ રાજ્યપાલને મળીને સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો. પરંતુ રાજ્યપાલે કહ્યું કે 118 ધારાસભ્યોનું સમર્થન બતાવો તો જ સરકાર બનાવવા માટે આમંત્રિત કરીશું.

વિજય કેબિનેટમાં VCKને 1 અને લેફ્ટને 2 મંત્રાલય મળશે

સૂત્રોએ દાવો કર્યો છે કે સરકાર બન્યા પછી વિજયની કેબિનેટમાં સહયોગી પક્ષોને પણ મંત્રી પદ આપવામાં આવશે. VCKને એક મંત્રી પદ મળી શકે છે, જ્યારે CPI અને CPI(M) માટે કુલ બે મંત્રી પદ રાખી શકાય છે.

DMKએ લોકસભામાં પોતાના સાંસદોની બેઠક બદલવાની માગ કરી

તમિલનાડુમાં કોંગ્રેસ સાથે ગઠબંધન તૂટ્યા પછી DMKએ લોકસભામાં પોતાના સાંસદોની બેઠક વ્યવસ્થા બદલવાની માંગ કરી છે. DMKના ઉપ મહાસચિવ અને તુતીકોરિનના સાંસદ કનિમોઝી કરુણાનિધિએ 7 મે 2026ના રોજ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને પત્ર લખ્યો. તેમણે પત્રમાં લખ્યું - બદલાયેલા રાજકીય સંજોગોને જોતાં અને કોંગ્રેસ સાથે અમારું ગઠબંધન સમાપ્ત થઈ ગયું છે. આવી સ્થિતિમાં, અમારા સભ્યો માટે ગૃહમાં તેમની સાથે બેસવાની વ્યવસ્થા ચાલુ રાખવી યોગ્ય ન હોઈ શકે.

TVKને લેફ્ટનું સમર્થન

CPI અને CPI(M) એ શુક્રવારે સાંજે TVK ને સમર્થન આપવાનો નિર્ણય કર્યો. બંને ડાબેરી પક્ષોના વિધાનસભામાં બબ્બે ધારાસભ્યો છે, જેનાથી TVK ને 4 વધારાની બેઠકોનું સમર્થન મળ્યું છે. 108 બેઠકો ધરાવતી TVK ને પહેલેથી જ કોંગ્રેસના 5 ધારાસભ્યોનું સમર્થન મળી ચૂક્યું છે.

ખડગેએ CPIના ડી રાજા સાથે વાત કરી, TVK માટે સમર્થન માંગ્યું

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ CPIના જનરલ સેક્રેટરી ડી રાજા સાથે વાત કરી છે અને તેમની પાર્ટીને તમિલનાડુમાં બિનસાંપ્રદાયિક સરકાર બનાવવા માટે TVKને સમર્થન આપવા અપીલ કરી છે, સૂત્રોએ શુક્રવારે આ માહિતી આપી.

સૂત્રોએ જણાવ્યું કે ખડગેએ ગુરુવારે રાજાને ફોન કરીને આ વાત પર ભાર મૂક્યો કે CPI એ જલ્દી નિર્ણય લેવો જોઈએ જેથી BJP ને પાછલા દરવાજેથી સત્તા હડપવાનો મોકો ન મળે.

એવું માનવામાં આવે છે કે રાજાએ કહ્યું કે CPI DMK સહિત તેના સ્થાનિક સાથીઓ સાથે સલાહ કરશે અને ટૂંક સમયમાં આ અંગે નિર્ણય લેશે.

DMK નેતા કનિમોઝીએ કહ્યું- ગવર્નરની જરૂર નથી

તમિલનાડુમાં સરકાર રચવા અંગેની અનિશ્ચિતતા વચ્ચે, DMKના વરિષ્ઠ નેતા કનિમોઝી કરુણાનિધિએ શુક્રવારે રાજ્યપાલ કાર્યાલય સામે પોતાની પાર્ટીનો વિરોધ પુનરાવર્તિત કર્યો. PTI વીડિયોઝ સાથે વાત કરતા, કનિમોઝીએ ભારપૂર્વક જણાવ્યું કે રાજ્યપાલનું પદ સમાપ્ત કરવાની DMKની માંગમાં કોઈ ફેરફાર થયો નથી, ખાસ કરીને જ્યારે વર્તમાન રાજકીય પરિવર્તન દરમિયાન બંધારણીય સંપત્તિ પર સવાલો ઉઠી રહ્યા છે.

## 24 કલાક બાદ વડોદરાની દેવ નદીમાંથી મિથુનનો મૃતદેહ મળ્યો : યુવક પાણી ભરવા ઉતર્યો ને 12 ફૂટનો મગર ખેંચી ગયો

### બીજા દિવસે સવારે દેવ નદીમાં યુવકનું માથું પાણીની બહાર દેખાતા સ્થાનિકોએ હિંમત ભેગી કરી મૃતદેહને બહાર કાઢ્યો હતો

**વડોદરા, તા.08**

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના કાગડીપુરા ગામ પાસે દેવ નદીમાં સર્જાયેલી એક કમકમાટીભરી ઘટનામાં 12 ફૂટ લાંબો મગર 22 વર્ષીય યુવક મિથુન વસાવાને ખેંચી ગયો હતો, જેનો મૃતદેહ 24 કલાક બાદ નદીમાંથી મળી આવ્યો છે. સીમમાં પશુઓ ચરાવવા ગયેલો મિથુન કાળઝાળ ગરમીમાં પાણી ભરવા માટે નદી કિનારે ઉતર્યો ત્યારે છુપાયેલા મગરે અચાનક હુમલો કરી તેને જડબામાં દબોચી ઊંડા પાણીમાં ખેંચી લીધો હતો. કલાકો સુધી યુવકના દેહને મોઢામાં રાખી નદીમાં ફરતા મગરના ભયાનક દૃશ્યો સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. ગતરોજ વન વિભાગ અને ફાયર બ્રિગેડની કલાકોની શોધખોળ બાદ આજે પાણીમાં યુવકનું માથું દેખાતા સ્થાનિકોએ મૃતદેહ બહાર કાઢ્યો હતો, જેના કારણે પરિવારના એકના એક પુત્રને ગુમાવનાર વસાવા પરિવાર અને સમગ્ર પંથકમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

પાણી ભરવા ઉતર્યો ને મોતે તરાપ મારી

પ્રાપ્ત વિગતો અનુસાર કાગડીપુરા વિસ્તારમાં રહેતો મિથુન વસાવા સીમમાં પશુઓ ચરાવવા ગયો હતો. બપોરના સમયે કાળઝાળ ગરમીને કારણે તરસ લાગતા તે નદીના કિનારે પ્લાસ્ટિકનો કેન લઈને પાણી ભરવા ઉતર્યો હતો. આ સમયે પાણીની સપાટી નીચે ઓથ મારીને બેઠેલા મગરે એકાએક હુમલો કરી મિથુનને કમરના ભાગેથી જડબામાં દબોચી લીધો હતો. હાજર લોકો કશું સમજે તે પહેલા જ મગર તેને ઉંડા પાણીમાં ખેંચી ગયો હતો.

કલાકો સુધી મૃતદેહ મોઢામાં રાખી મગર નદીમાં તરતો રહ્યો

ઘટના બાદ હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. મગર યુવકના દેહને મોઢામાં રાખીને કલાકો સુધી નદીમાં આમ-તેમ તરતો રહ્યો હતો. વાઘોડિયા પોલીસ, વન વિભાગ અને ફાયર બ્રિગેડની ટીમોએ તાત્કાલિક સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું, પરંતુ મગર વારંવાર પાણીમાં ગરકાવ થઈ જતો હોવાથી ગઈકાલે મૃતદેહ મળી શક્યો નહોતો. (સંપૂર્ણ સમાચાર વાંચો)

પરિવારનો એકનો એક દીકરો છીનવાયો

આજે બીજા દિવસે સવારે દેવ નદીમાં યુવકનું માથું પાણીની બહાર દેખાતા સ્થાનિકોએ હિંમત ભેગી કરી મૃતદેહને બહાર કાઢ્યો હતો. પોલીસ અને વન વિભાગે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. મિથુન તેના પરિવારનો એકનો એક દીકરો હોવાથી કાગડીપુરા ગામમાં ભારે શોક અને અરેરાટી વ્યાપી ગઈ છે. આ ઘટનાએ નદી કિનારે વસતા ગ્રામજનોમાં મગરના ભયને લઈને ફરી એકવાર ચિંતા જગાવી છે.

## ડાકોરના ઠાકોરના શરણે મનોરથ કરવા હવે મોંઘા થશે : પૂજા-વિધિના દરોમાં ધરખમ વધારો

**નડિયાદ, તા.08**



ગુજરાતનું સુપ્રસિદ્ધ યાત્રાધામ અને લાખો ભક્તોની આસ્થાનું કેન્દ્ર એવા ડાકોરમાં બિરાજતા રાજા રણછોડરાયજીના મંદિરમાં મનોરથ કરવા ઈચ્છતા ભક્તો પર મોટો આર્થિક બોજ આવી પડ્યો છે. ડાકોર ટેમ્પલ કમિટી દ્વારા મંદિરમાં થતી વિવિધ ધાર્મિક વિધિઓ, ધજા આરોહણ અને રાજભોગ જેવા મનોરથોના દરોમાં સીધો બમણો કે તેથી પણ વધુ વધારો ઝીંકી દેવામાં આવતાં ભક્તોમાં ભારે રોષ અને આશ્ચર્ય જોવા મળી રહ્યું છે.

મંદિરના સુવર્ણ શિખર પર ધજા ચઢાવવાનું ભક્તોમાં વિશેષ મહત્વ હોય છે. અત્યારસુધી આ આસ્થા માટે ભક્તોએ જે રકમ ચૂકવવી પડતી હતી, તેમાં મોટો તફાવત જોવા મળ્યો છે:

રાજભોગ અને કુંજ મનોરથ હવે મધ્યમ વર્ગની પહોંચ બહાર?

ભગવાનને ધરાવવામાં આવતા રાજભોગ અને મંદિરમાં યોજાતા વિશેષ કુંજ મનોરથના ભાવમાં પણ મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. રાજભોગ સેવા: અગાઉ આ સેવા માટે 3,900 લેવામાં આવતા હતા, જે હવે વધારીને 9,345 કરી દેવામાં આવ્યા છે. કુંજ મનોરથ: ભક્તો જે કુંજ મનોરથ માટે 5,100 ચૂકવતા હતા, તેના માટે હવે ટેમ્પલ કમિટીએ 11,000નો દર નિર્ધારિત કર્યો છે.

હિન્દુ ધર્મમાં તુલસીવિવાહનું અત્યંત મહત્વ છે અને અનેક શ્રદ્ધાળુઓ ડાકોરના ધામમાં આ વિધિ કરાવતા હોય છે. આ ધાર્મિક પ્રસંગ માટે અગાઉ 25,000નો ચાર્જ હતો, જે હવે સીધો ડબલ કરીને 51,000 કરી દેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આ તમામ વધારો 11 મે 2026થી લાગુ થશે.

ગરીબોના બેલી ગણાતા રણછોડરાયના દ્વારે અચાનક કરાયેલા આ ભાવવધારાને પગલે સોશિયલ મીડિયાથી લઈ મંદિર પરિસર સુધી ટીકાઓ થઈ રહી છે. ભક્તોનું કહેવું છે કે, ભક્તિ અને આસ્થાના વિષયમાં આટલો મોટો વ્યવસાયિક વધારો યોગ્ય નથી. સામાન્ય અને મધ્યમ વર્ગના ભક્તો જે વર્ષોથી પોતાની માનતા પૂરી કરવા આવતા હોય છે, તેમના માટે હવે આ મનોરથો કરવા આર્થિક રીતે કષ્ટદાયક બનશે.

મંદિર વહીવટી તંત્ર દ્વારા આ ભાવવધારા પાછળનું સત્તાવાર અને સ્પષ્ટ કારણ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ આ નિર્ણયને કારણે હાલ સમગ્ર ખેડા જિલ્લા અને ભક્ત સમુદાયમાં ભારે ચર્ચા જાગી છે. શ્રદ્ધાળુઓ આશા રાખી રહ્યા છે કે કમિટી આ નિર્ણય પર પુનઃવિચારણા કરે જેથી સામાન્ય ભક્ત પણ ઠાકોરજીના લાડ લડાવી શકે.

## સુરતના લેઉવા પાટીદારોમાં બે ફાડિયા : નરેશ પટેલના ખોડલધામ સામે 200 વીઘામાં નવા ખોડલધામની જાહેરાત, વિધાનસભા ચૂંટણી પહેલાં જ પાવરગેમ શરૂ

**સુરત, તા.08**



સુરતમાં લેઉવા પાટીદાર સમાજની આસ્થાના કેન્દ્ર સમાન 'ખોડલધામ'ના નિર્માણને લઈને છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી ખેંચતાણ હવે સપાટી ઉપર આવી છે. સુરતમાં બે અલગ-અલગ ખોડલધામના નિર્માણની વાતો વહેતી થતાં પાટીદાર અગ્રણી વિજય માંગુકિયાએ આ મામલે સ્પષ્ટ નિવેદન આપ્યું છે. તેમણે સમાજની એકતા પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, સંસ્થાઓનું નિર્માણ મધ્યમ અને નાના વર્ગના ઉત્થાન માટે હોવું જોઈએ, નહીં કે વ્યક્તિગત સ્વાર્થ માટે.

'વાયદા નહીં, સમાજની સુરક્ષા અને ઉત્થાન પ્રથમ'

વિજય માંગુકિયાએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું કે, સમાજ હંમેશા આશા રાખતો હોય છે કે તેમના આગેવાનો સામાજિક ઉત્થાન માટે કાર્ય કરે. માત્ર વાયદાઓ કરીને વફાદાર ન રહેવું અને સામાજિક દૂષણો સામે લડવાને બદલે બીજા રસ્તા અપનાવવા તે યોગ્ય નથી. તેમણે ઉમેર્યું કે, વિવાદ કરવાને બદલે સમાજના હિતમાં કામ થવું જોઈએ. સુરતમાં વસતા લાખો પાટીદારો આજે શૈક્ષણિક અને આરોગ્ય ક્ષેત્રે અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, ત્યારે નવી સંસ્થા આ પ્રશ્નોનું નિરાકરણ લાવે તે જરૂરી છે.

200 વીઘામાં કરોડોના ખર્ચે બનશે અત્યાધુનિક સંકુલ

નવા ખોડલધામ પ્રોજેક્ટ વિશે માહિતી આપતા તેમણે જણાવ્યું કે, સુરતમાં અંદાજે 200 વીઘા જમીન પર કરોડોના ખર્ચે આ ભવ્ય સંકુલનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંકુલ માત્ર મંદિર નહીં, પણ સામાજિક 'સુરક્ષા ભવન' તરીકે કાર્ય કરશે. જેમાં ખાસ કરીને પાટીદાર યુવાનો માટે સ્કિલ ડેવલપમેન્ટ અને R&D (રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ) સેન્ટર બનાવવામાં આવશે, જે આવનારી પેઢી માટે જડીબુટ્ટી સમાન સાબિત થશે. વધતી જતી વસ્તીને જોતા આરોગ્ય અને શિક્ષણની સેવાઓ અહીં પ્રાથમિકતાના ધોરણે પૂરી પાડવામાં આવશે.

'સુરતના ઉદ્યોગપતિઓને સમર્થન આપવા નરેશ પટેલને અપીલ'

ખોડલધામ ટ્રસ્ટના પ્રણેતા નરેશ પટેલના સુરત આગમન અને સંભવિત નવી જાહેરાત અંગે પ્રતિક્રિયા આપતા માંગુકિયાએ કહ્યું કે, દરેક સંસ્થાને પોતાના વિચાર રજૂ કરવાનો અધિકાર છે. પરંતુ જો બે ખોડલધામના કારણે સમાજમાં ભાગલા પડતા હોય, તો તે દુ:ખદ છે. તેમણે નરેશ પટેલને અપીલ કરી હતી કે, તેઓ મોટું મન રાખીને સુરતના ઉદ્યોગપતિઓ દ્વારા જે ખોડલધામનું નિર્માણ થઈ રહ્યું છે તેને સમર્થન આપે, જેથી આખું પાટીદાર સંગઠન એક જ નેજા હેઠળ રહી શકે.

'ધીરુ ગજેરાને બોલવાનો કોઈ નૈતિક અધિકાર નથી'

આ દરમિયાન તેમણે પાટીદાર અગ્રણી ધીરુ ગજેરાના નિવેદન પર આકરા પ્રહારો કર્યા હતા. માંગુકિયાએ સીધો જવાબ આપતા કહ્યું કે, ધીરુભાઈએ સમાજના એક પણ રચનાત્મક કાર્યમાં તેમણે મદદ કરી નથી, એટલે તેમને આ વિષયમાં બોલવાનો કોઈ નૈતિક અધિકાર નથી.

વિજય માંગુકિયાએ અંતમાં જણાવ્યું કે, સુરતના નાના-મોટા તમામ ઉદ્યોગપતિઓ અત્યારે આ નવા આયોજન સાથે જોડાયેલા છે. 1985-86 થી સમૂહ લગ્ન દ્વારા જે સંગઠનની શક્તિ ઊભી થઈ છે, તે શક્તિ આજે પણ અકબંધ છે. પાટીદાર સમાજ હંમેશા અન્ય 18 વર્ણ માટે પ્રેરણારૂપ રહ્યો છે, ત્યારે આ પ્રોજેક્ટ પણ સમાજની એકતાના પ્રતિક સમાન બની રહેશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# જે જહાજ પર હંટા વાયરસ ફેલાયો તેમાં 2 ભારતીયો પણ : અત્યાર સુધીમાં 3ના મોત

**■ કોરોના કરતાં પણ વધુ ખતરનાક; WHOનું 12 દેશોને એલર્ટ**



**પ્રાગ, તા.08**

એટલાન્ટિક મહાસાગરમાં ક્રુઝ શિપ MV હોન્ડિયસ પર 2 ભારતીય નાગરિકો પણ છે. આ તે જ ક્રુઝ શિપ છે, જેના પર હંટા વાયરસ ફેલાયો છે. બીબીસી અનુસાર, અત્યાર સુધી જહાજ પર હંટા વાયરસ સંક્રમણના પાંચ કેસોની પુષ્ટિ થઈ છે અને ત્રણ લોકોના મોત થયા છે. જ્યારે, નેધરલેન્ડના લીડેન યુનિવર્સિટી મેડિકલ સેન્ટરમાં દાખલ હંટા વાયરસ દર્દીની સારવાર કરી રહેલા ડોક્ટર કરિન એલેન વેલ્ડકેમ્પે કહ્યું છે કે આ વાયરસ કોરોના જેવો નથી. તેમણે AFP સાથેની વાતચીતમાં કહ્યું કે હંટાવાયરસનું માણસથી માણસમાં ફેલાવું સરળ નથી. ડોક્ટરના મતે, તેનું સંક્રમણ કોરોનાની સરખામણીમાં ઘણું મુશ્કેલ છે. ડચ ધ્વજવાળું આ જહાજ સ્પેન જઈ રહ્યું છે. આ 10 મે સુધીમાં સ્પેનના કેનેરી ટાપુ સુધી પહોંચી શકે છે, જ્યાં જહાજ પર હાજર તમામ મુસાફરોની તપાસ કરવામાં આવશે. WHO એ કહ્યું કે ઘટના ગંભીર છે, પરંતુ હાલમાં સામાન્ય લોકો માટે ખતરો ઓછો માનવામાં આવી રહ્યો છે.

દર્દીઓને આઈસોલેશનમાં રાખવામાં આવી રહ્યા છે

ડોક્ટર કરિન એલેન વેલ્ડકેમ્પે જણાવ્યું કે, આવા કિસ્સાઓમાં સંક્રમિત દર્દીઓને અલગ આઈસોલેશન રૂમમાં રાખવામાં આવે છે. તેમની સંભાળ સારી રીતે તાલીમ પામેલા સ્ટાફ દ્વારા કરવામાં આવે છે અને રોગ નિયંત્રણના કડક નિયમોનું પાલન કરવામાં આવે છે. તેમણે જણાવ્યું કે દર્દીઓને ત્યાં સુધી આઈસોલેશનમાં રાખવામાં આવે છે જ્યાં સુધી તેમનામાં લક્ષણો દેખાય છે. સ્થિતિ સુધર્યા પછી તેમનો ટેસ્ટ કરવામાં આવે છે. જો રિપોર્ટ નેગેટિવ આવે છે, તો આઈસોલેશન હટાવી શકાય છે. ડોક્ટરના મતે, હજુ એ સ્પષ્ટ નથી કે કોઈ વ્યક્તિ કેટલા સમય સુધી વાયરસને પોતાના શરીરમાં રાખી શકે છે. WHO પ્રમુખે જણાવ્યું કે હંટા વાયરસનો ઈન્ક્યુબેશન પિરિયડ છ અઠવાડિયા સુધીનો હોઈ શકે છે. તેથી, ભવિષ્યમાં પણ નવા કેસ સામે આવવાની શક્યતા રહેલી છે. WHO એ સેન્ટ હેલેનામાં ઉતરનારા મુસાફરોને કારણે 12 દેશોને એલર્ટ મોકલ્યું છે. આમાં બ્રિટન, અમેરિકા, કેનેડા, જર્મની અને સિંગાપોરનો સમાવેશ થાય છે.

WHO- હંટા વાયરસ ખાસ પ્રકારના ઉંદરોથી ફેલાયો

WHO મુજબ ત્રણેય મૃત્યુના કેસોમાં એન્ડીઝ સ્ટ્રેનનો શક છે, જે મનુષ્યો વચ્ચે પણ ફેલાઈ શકે છે. એન્ડીઝ સ્ટ્રેન, હંટા વાયરસનો જ એક પ્રકાર છે, જે મુખ્યત્વે દક્ષિણ અમેરિકા (આર્જેન્ટિના અને ચિલી) માં જોવા મળે છે. WHO એ જણાવ્યું કે એન્ડીઝ સ્ટ્રેન બાકીના હંટા વાયરસથી અલગ છે. આ સંક્રમિત ઉંદરો અથવા તેમના મળ-મૂત્રથી તો ફેલાય જ છે, પરંતુ કેટલાક કિસ્સાઓમાં માણસથી માણસમાં પણ ફેલાઈ શકે છે. જોકે આ સંક્રમણ કોરોના જેટલી ઝડપથી ફેલાતું નથી. તપાસમાં જાણવા મળ્યું છે કે પહેલા બે પીડિતો જહાજ પર ચઢતા પહેલા ચિલી, આર્જેન્ટિના અને ઉરુગ્વેમાં બર્ડ વોચિંગ ટ્રિપ પર ગયા હતા. WHO અનુસાર, આ વિસ્તારોમાં વાયરસ ફેલાવતા ખાસ પ્રકારના ઉંદરો જોવા મળે છે. આર્જેન્ટિનાની એજન્સીઓ હવે આ દંપતીની મુસાફરીનો પત્તો લગાવી રહી છે. WHO એ એમ પણ જણાવ્યું કે આર્જેન્ટિના પાંચ દેશોની લેબ્સમાં 2500 ડાયગ્નોસ્ટિક કિટ મોકલી રહ્યું છે. WHO અનુસાર, જહાજ પરનો પહેલો દર્દી એક પુરુષ યાત્રી હતો, જેમાં છ એપ્રિલે લક્ષણો દેખાયા હતા. પાંચ દિવસ પછી તેનું મૃત્યુ થયું. તે સમયે હંટા વાયરસની પુષ્ટિ થઈ શકી ન હતી, કારણ કે સેમ્પલ લેવામાં આવ્યું ન હતું અને લક્ષણો અન્ય વાયરલ ચેપ જેવા હતા. ત્યારબાદ તેની પત્ની બીમાર પડી અને 25 એપ્રિલે સેન્ટ હેલેનામાં તેનું મૃત્યુ થયું. ત્રીજી મહિલા યાત્રીનું બે મેના રોજ મૃત્યુ થયું.

3 રીતે ફેલાય છે હંટા વાયરસ

પહેલો: જો વાયરસનો વાહક ઉંદર કોઈ મનુષ્યને કરડે, જોકે આવા કિસ્સાઓ ઓછા જ સામે આવે છે.

બીજો : કોઈ જગ્યા કે વસ્તુ પર હાજર ઉંદરના મળ-મૂત્ર કે લાળના સંપર્કમાં મનુષ્ય આવે અને પોતાના નાક-મોંને સ્પર્શે.

ત્રીજો : જો મનુષ્ય એવી વસ્તુ ખાય જેના પર ઉંદરનું મળ-મૂત્ર કે લાળ હાજર હોય.

હંટા વાયરસ કોરોના કરતાં પણ વધુ ખતરનાક

વૈજ્ઞાનિકોના મતે, હંટા વાયરસ હવા દ્વારા ફેલાતો નથી તેમ છતાં તે કોરોના વાયરસ કરતાં વધુ ખતરનાક છે. આ બીમારીનો કોઈ ખાસ ઈલાજ નથી, માત્ર લક્ષણોના આધારે સારવાર કરવામાં આવે છે. ગંભીર દર્દીઓને શ્વાસ લેવામાં મદદ કરવા માટે વેન્ટિલેટરની જરૂર પડી શકે છે.

આ બીમારીમાં લગભગ 38% દર્દીઓ મૃત્યુ પામે છે. જો દર્દી વૃદ્ધ હોય અથવા પહેલાથી જ નબળો હોય, તો જોખમ વધુ વધી જાય છે. વૈજ્ઞાનિકોએ અત્યાર સુધી હંતાવાયરસના 5 સ્ટ્રેન શોધી કાઢ્યા છે, જેમાંથી સૌથી ખતરનાક અરારાક્વોરા વાયરસ છે.

# ટ્રમ્પની ટેરિફ નીતિને અમેરિકી કોર્ટે ગેરકાયદેસર ગણાવી

**10% ટેરિફ લાદવાનો નિર્ણય રદ; કોર્ટે કહ્યું- રાષ્ટ્રપતિએ સત્તાનો દુરુપયોગ કર્યો**



**વોશિંગ્ટન, તા.08**

અમેરિકાની એક ફેડરલ ટ્રેડ કોર્ટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલી 10% ગ્લોબલ ટેરિફને ગેરકાયદેસર જાહેર કરી છે. કોર્ટે ગુરુવારે 2-1ના બહુમતીથી ચુકાદો આપતા કહ્યું કે આ ટેરિફ 1974ના વેપાર કાયદા હેઠળ યોગ્ય નહોતા અને વહીવટીતંત્ર પાસે કોંગ્રેસની મંજૂરી વિના આટલા મોટા પાયે આયાત શુલ્ક લાદવાનો અધિકાર નથી. રોઈટર્સના અહેવાલ મુજબ, કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડે પોતાના નિર્ણયમાં કહ્યું કે આ વર્ષની શરૂઆતમાં લાદવામાં આવેલી આ ટેરિફ કાયદેસર રીતે અમાન્ય છે. ટ્રમ્પે ફેબ્રુઆરીમાં એક એક્ઝિક્યુટિવ ઓર્ડર દ્વારા આ ગ્લોબલ ટેરિફ લાગુ કરવાની જાહેરાત કરી હતી.

કોર્ટે ટ્રમ્પ પ્રશાસનની દલીલોને નકારી કાઢી

પ્રશાસને ટ્રેડ એક્ટ 1974ની કલમ 122નો હવાલો આપતા દલીલ કરી હતી કે અમેરિકા 1.2 ટ્રિલિયન ડોલરની વેપાર ખાધ અને GDPના 4% જેટલી કરંટ એકાઉન્ટ ડેફિસિટનો સામનો કરી રહ્યું છે. જોકે, ન્યાયાધીશોએ તેને ફગાવી દેતા કહ્યું કે આ પ્રકારની વેપાર ખાધ કાયદાની ફરજિયાત શરતોને પૂર્ણ કરતી નથી.

કોર્ટના નિર્ણય બાદ કાર્યવાહી કરવામાં આવી હતી

આ મામલો એટલા માટે પણ મહત્વનો છે, કારણ કે અમેરિકી સુપ્રીમ કોર્ટે અગાઉ જ ટ્રમ્પ પ્રશાસનના કેટલાક ટેરિફ નિર્ણયોને એમ કહીને રદ કર્યા હતા કે રાષ્ટ્રપતિની ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ અમર્યાદિત નથી. નાના વેપારીઓએ કોર્ટમાં દલીલ કરી હતી કે 10% ટેરિફનો નવો આદેશ સુપ્રીમ કોર્ટના જૂના નિર્ણયને અવગણવા માટે લાવવામાં આવ્યો હતો. કોર્ટે માન્યું કે સરકારે કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલી સત્તાઓનું ઉલ્લંઘન કર્યું છે. જોકે, ત્રણ સભ્યોની પેનલમાંથી એક જજે અસંમતિ વ્યક્ત કરતા કહ્યું કે વ્યાપારિક બાબતોમાં રાષ્ટ્રપતિ પાસે સત્તા હોવી જોઈએ.

રમકડા ઉત્પાદકોએ કહ્યું- આ અમારી જીત છે

ગ્લોબલ સપ્લાય ચેઈન પર નિર્ભર નાના વેપારીઓએ આ નિર્ણયનું સ્વાગત કર્યું છે. બેઝિક ફન કંપનીના CEO જે મય ફોરમેને કહ્યું કે આ તે અમેરિકન કંપનીઓ માટે એક મોટી જીત છે જે સસ્તી અને સુરક્ષિત વસ્તુઓ બનાવવા માટે ગ્લોબલ મેન્યુફેક્ચરિંગ પર નિર્ભર છે. તેમણે આગળ કહ્યું કે ગેર-કાનૂની ટેરિફને કારણે કંપનીઓ માટે બજારમાં ટકી રહેવું અને આગળ વધવું મુશ્કેલ બની રહ્યું હતું. હવે આ નિર્ણયથી સપ્લાય ચેઈનને મેનેજ કરતી કંપનીઓને સ્પષ્ટતા મળશે.

ભારત માટે કોર્ટના આ નિર્ણયના શું અર્થ છે

ટ્રમ્પ હંમેશા ભારત સાથેના વ્યાપારિક કરારો અને ટેરિફને લઈને સ્પષ્ટવક્તા રહ્યા છે. જો અમેરિકામાં ગ્લોબલ ટેરિફની નીતિ નબળી પડે છે, તો ભારતીય નિકાસકારો માટે આ એક સકારાત્મક સંકેત હોઈ શકે છે. આનાથી ભારતીય સામાનની અમેરિકન બજારમાં પહોંચ સરળ બની રહેશે.




બિહારના પટનામાં ઇન્દિરા ગાંધી ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સના વિદ્યાર્થીઓએ પ્લેકાર્ડ પકડીને સંસ્થાના મુખ્ય દ્વાર પર વિરોધ પ્રદર્શન કર્યું. જેમાં કોલેજના વરિષ્ઠ અધિકારીઓ પર ઉત્પીડન, અન્યાયી શૈક્ષણિક પ્રથાઓ અને વહીવટી ધાકધમકીનો આરોપ મૂકવામાં આવ્યો.

# AI ચેટબોટનો ખોટો દાવો : બ્રિટનથી મેડિકલનો અભ્યાસ

**7 વર્ષનો અનુભવ; નકલી લાઈસન્સ નંબર પણ આપ્યો, પહેલીવાર AI કંપની પર કેસ**

**ટોક્યો, તા.08**

શું તમે તમારી બીમારીના લક્ષણો ગૂગલ પર સર્ચ કરો છો કે સારવાર માટે કોઈ AI ચેટબોટ પાસેથી સલાહ લઈ રહ્યા છો? જો હા, તો સાવધાન થઈ જાઓ. તમે જેને તમારા હમદર્દ ડૉક્ટર સમજીને દિલની વાત કહી રહ્યા છો, હકીકતમાં તે માત્ર એક કોડ અને ડેટાનો ઢગલો હોઈ શકે છે. અમેરિકાના પેન્સિલવેનિયા પ્રાંતે 'કેરેક્ટર.એઆઈ' નામની કંપની પર આવા જ એક મામલાને લઈને ઐતિહાસિક મુકદ્દમો કર્યો છે. આરોપ છે કે આ કંપનીના ચેટબોટ પોતાને 'લાયસન્સ પ્રાપ્ત ડૉક્ટર' ગણાવીને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહ્યા છે, કારણ કે ચેટબોટ ફક્ત ડેટાનું પુનરાવર્તન કરે છે. તેમની કોઈ નૈતિકતા હોતી નથી.



તપાસકર્તાએ પકડ્યું જૂઠ

પેન્સિલવેનિયાનો આ મામલો તાજેતરમાં ત્યારે સામે આવ્યો, જ્યારે એક તપાસ અધિકારીએ આ પ્લેટફોર્મ પર 'સાયકિયાટ્રી' (મનોચિકિત્સા) સર્ચ કર્યું. ત્યાં તેને એક એવું 'કેરેક્ટર' મળ્યું, જેણે દાવો કર્યો કે તે એક ડૉક્ટર છે. આ મામલાથી આશ્ચર્યચકિત પ્રાંતના ગવર્નર જોશ શાપિરોએ કહ્યું, 'પેન્સિલવેનિયાના લોકો એ જાણવાના હકદાર છે કે તેઓ માણસ સાથે વાત કરી રહ્યા છે કે મશીન સાથે. અમે AI ને ડોક્ટરીના નામે લોકોને ગેરમાર્ગે દોરવાની મંજૂરી આપીશું નહીં.'

ટેકનોલોજી દવા ન હોઈ શકે

AIના આ 'ડોક્ટર અવતાર'ની કાળી બાજુ ભયાવહ છે. તાજેતરમાં એક મહિલાએ ગૂગલ અને કેરેક્ટર AI પર કેસ કર્યો. તેમાં આરોપ હતો કે ચેટબોટે તેના કિશોર પુત્રને આત્મહત્યા કરવા ઉશ્કેર્યો હતો. કાર્નેગી મેલોન યુનિવર્સિટીના એથિક્સ એક્સપર્ટ ડેરેક લેબેન કહે છે, 'આ મામલો આખી દુનિયા માટે એક દાખલો બનશે કે શું AIને 'મેડિકલ પ્રેક્ટિસ' માટે દોષિત ઠેરવી શકાય છે.' જ્યારે, કોમન સેન્સ મીડિયાના અમીના ફઝલુલ્લાહનું કહેવું છે કે સોશિયલ મીડિયાની જેમ AIની સ્વ-નિયમન પ્રણાલી પણ નિષ્ફળ સાબિત થઈ રહી છે, જેનાથી બાળકો અને માનસિક રીતે નબળા લોકોને સૌથી વધુ ખતરો છે.

અમેરિકાની કેરેક્ટર ટેક્નોલોજીસ ઈન્ક (કેરેક્ટર AI સંચાલક) પર 'ગેરકાયદેસર તબીબી પ્રેક્ટિસ'નો આરોપ મૂકવામાં આવ્યો છે.

# સુરત SBI 50 લાખ લૂંટ કેસ

**પોલીસથી બચતા-બચતા ભરૂચ-સોમનાથ પણ ગયા, રોકડ 48 લાખ અને હથિયારો હજુ હાથ ન લાગ્યા**




**ઇટાલી, તા.08**

સુરતની વરાછા સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)માં થયેલી 50 લાખની સનસનાટીભરી લૂંટના કેસમાં પોલીસ તપાસમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. આ ગુનામાં પકડાયેલા બિહારના હિસ્ટ્રીશીટર શુભમકુમાર ઠાકુર અને વિકાસસિંહ રાજપૂતના 7 દિવસના રિમાન્ડ મંજૂર થતા પોલીસને લૂંટારૂઓના ભાગવાના રૂટ અને સ્થાનિક મદદગારોની મહત્વની કડીઓ મળી છે. તપાસમાં બહાર આવ્યું છે કે, લૂંટારૂ ટોળકીને સુરતમાં ચંદન ઉર્ફે જેક નામના શખ્સે આશરો આપ્યો હતો અને લૂંટ બાદ આરોપીઓ પોલીસથી બચવા ભરૂચ તથા સોમનાથ સુધી પહોંચી ગયા હતા. જોકે, હજુ પણ 48 લાખથી વધુની રોકડ રકમ અને લૂંટમાં વપરાયેલા હથિયારો કબજે કરવાના બાકી હોવાથી પોલીસે માસ્ટરમાઈન્ડ કુંદન પાઠક સહિત અન્ય સાત ફરાર આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. ગત 27 એપ્રિલના રોજ વરાછા એલ.એચ. રોડ પર આવેલા શક્તિ ટાવર સ્થિત SBI બેંકમાં પાંચથી વધુ સશસ્ત્ર લૂંટારૂઓ ત્રાટક્યા હતા. આરોપીઓએ બેંક કર્મચારીઓ અને ગ્રાહકોને પિસ્તોલ જેવા હથિયાર બતાવી બંધક બનાવ્યા હતા. લૂંટારૂઓએ બેંકમાંથી 12 લાખ અને ઘોડદોડ રોડ બ્રાન્ચથી મંગાવેલા 40 લાખમાંથી 38 લાખ મળી કુલ 50 લાખની લૂંટ ચલાવી હતી. લૂંટ દરમિયાન આરોપીઓએ સર્વિસ મેનેજર કિરણ ભોગે અને અન્ય સ્ટાફને કેબલથી માર મારી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

# UAEનો દાવો - ઈરાને મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા

**તેને હવામાં જ તોડી પાડ્યા, 3 ઘાયલ; અમેરિકાએ ફરી ઈરાન પર બોમ્બમારો કર્યો**

**ઢાકા, તા.08**

સંયુક્ત આરબ અમીરાત (UAE) એ દાવો કર્યો છે કે ઈરાને તેની સામે 2 બેલિસ્ટિક મિસાઈલ અને 3 ડ્રોનથી હુમલા કર્યા છે. UAEના સંરક્ષણ મંત્રાલયે X પર પોસ્ટ કરીને જણાવ્યું કે તમામ લક્ષ્યોને હવામાં જ તોડી પાડવામાં આવ્યા હતા. હુમલામાં 3 લોકો ઘાયલ થયા છે. જોકે, આ દાવા પર ઈરાન તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી. આ દરમિયાન, અમેરિકાએ યુદ્ધવિરામ છતાં ઈરાન પર ફરીથી બોમ્બમારો કર્યો. અમેરિકાએ કહ્યું કે ઈરાની સેનાએ તેના યુદ્ધ જહાજો પર મિસાઈલ, ડ્રોન અને નાની બોટ વડે હુમલો કર્યો હતો. તેના જવાબમાં, અમેરિકી સેનાએ ઈરાનના સૈન્ય ઠેકાણાઓ પર હવાઈ હુમલો કર્યો. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે જો ઈરાન ડીલ નહીં કરે તો અમેરિકા ભવિષ્યમાં પણ હુમલા કરશે. બીજી તરફ, ઈરાનનો દાવો છે કે અમેરિકી હુમલામાં સૈન્ય ઠેકાણાઓને નહીં, પરંતુ નાગરિક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતા. ઈરાની સેનાએ કહ્યું કે તેણે વળતી કાર્યવાહીમાં હોર્મુઝ સ્ટ્રેટ અને ચાબહાર બંદર નજીક હાજર અમેરિકી સૈન્ય જહાજોને નિશાન બનાવ્યા. ઈરાને આરોપ લગાવ્યો કે અમેરિકી સેનાએ ઓમાનના અખાતમાં તેના ઓઈલ ટેન્કરોને નિશાન બનાવ્યા.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ અમેરિકાના તે દાવાને નકારી કાઢ્યો, જેમાં કહેવામાં આવ્યું હતું કે ઈરાનનો મિસાઈલ ભંડાર ખતમ થઈ ગયો છે. અરાઘચીએ કહ્યું કે અમેરિકી CIAની ગુપ્ત માહિતી ખોટી છે. તેમણે દાવો કર્યો કે ઈરાનનો મિસાઈલ રિઝર્વ 120% પર છે અને દેશ પોતાની જનતાની રક્ષા માટે 1000% તૈયાર છે. અરાઘચીએ X પર લખ્યું, જ્યારે પણ રાજદ્વારી ઉકેલ સામે આવે છે, ત્યારે અમેરિકા સૈન્ય માર્ગ પસંદ કરે છે. ઈરાનીઓ ક્યારેય દબાણમાં ઝૂકશે નહીં. 30 દિવસના અસ્થાયી કરાર પર વાટાઘાટો: ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, અમેરિકા અને ઈરાન 30 દિવસ સુધી લડાઈ રોકવા અને હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાના પ્રસ્તાવ પર ચર્ચા કરી રહ્યા છે. આ દરમિયાન કાયમી સોદા પર વાટાઘાટો ચાલુ રહેશે.

ટ્રમ્પ- અમેરિકી જહાજો પર હુમલો થયો: રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે હોર્મુઝમાંથી પસાર થઈ રહેલા અમેરિકી ડેસ્ટ્રોયર જહાજો પર મિસાઈલ અને ડ્રોન હુમલા થયા, પરંતુ અમેરિકી સેનાએ તેમને તોડી પાડ્યા અને "ઈરાની નાની બોટોનો નાશ કર્યો." હોર્મુઝમાં લગભગ 1500 જહાજો ફસાયા: સંયુક્ત રાષ્ટ્રની દરિયાઈ એજન્સી IMO અનુસાર, હોર્મુઝ સંકટને કારણે ખાડી ક્ષેત્રમાં લગભગ 1500 જહાજો ફસાયેલા છે. તેલ, ગેસ અને સપ્લાય ચેઈન પર અસર વધી રહી છે, જ્યારે સોમાલિયા જેવા દેશોમાં ખાદ્ય સંકટ વધુ ઘેરું બન્યું છે. ઈઝરાયલ-હિઝબુલ્લાહ સંઘર્ષ ફરી તેજ બન્યો: ઈઝરાયલે દાવો કર્યો કે તેણે હિઝબુલ્લાહના રદવાન યુનિટના કમાન્ડર અહેમદ બલૂત સહિત ઘણા મોટા કમાન્ડરોને બેરુત હુમલામાં મારી નાખ્યા. જવાબમાં, હિઝબુલ્લાહે દક્ષિણ લેબનોનમાં ઈઝરાયલી ટેન્કો અને સૈન્ય ઠેકાણાઓ પર હુમલાનો દાવો કર્યો. અમેરિકાએ નવા પ્રતિબંધો લગાવ્યા: અમેરિકાએ ઈરાન સાથે સંકળાયેલા નેટવર્ક પર નવા પ્રતિબંધો લગાવ્યા. આમાં ઈરાકના ડેપ્યુટી ઓઈલ મિનિસ્ટર અલી મારીજ અલ-બહાદલી અને ઘણી કંપનીઓનો સમાવેશ થાય છે. અમેરિકાનો આરોપ છે કે આ લોકો તેલના વેપાર દ્વારા ઈરાન અને તેના સમર્થિત જૂથોને મદદ કરી રહ્યા હતા.



1. US બોલ્યું- 70 થી વધુ જહાજોને ઈરાની બંદરો પર આવવા-જવાથી રોક્યા
2. ઈરાને કહ્યું- અમેરિકાના પ્રસ્તાવ પર વિચાર કરી રહ્યા છીએ
3. મિનાબ કાઉન્ટીના ગવર્નર મોહમ્મદ રદમેહરે જણાવ્યું કે બચાવ ટુકડીઓને લાપતા નાવિકોમાંથી એકનો મૃતદેહ મળી આવ્યો છે.

ઈરાને કહ્યું- અમેરિકાના પ્રસ્તાવ પર વિચાર કરી રહ્યા છીએ

ઈરાને જણાવ્યું છે કે તે અમેરિકાના તાજેતરના પ્રસ્તાવની સમીક્ષા કરી રહ્યું છે અને તેના જવાબ પર વિચાર પ્રક્રિયા ચાલુ છે. ઈરાની વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ અમેરિકા પર ગઈકાલે રાત્રે સૈન્ય કાર્યવાહી કરીને સીઝફાયર અને આંતરરાષ્ટ્રીય કાયદાના ઉલ્લંઘનનો આરોપ પણ લગાવ્યો છે. ઈરાની પ્રવક્તાએ કહ્યું કે- વોશિંગ્ટનની સૈન્ય ગતિવિધિઓએ પ્રાદેશિક તણાવમાં વધારો કર્યો છે. બઘાઈએ જણાવ્યું કે ઈરાની સુરક્ષા દળો સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. તેમણે વધુમાં ઉમેર્યું કે ઈરાન કોઈપણ આક્રમકતાનો જવાબ આપવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.

અમેરિકી હુમલા બાદ લાપતા ઈરાની નાવિકનો મૃતદેહ મળ્યો

અમેરિકી હુમલા બાદ લાપતા થયેલા ઈરાની નાવિકો પૈકી એકનો મૃતદેહ મળી આવ્યો છે. ઈરાનના મિનાબ કાઉન્ટીના ગવર્નર મોહમ્મદ રદમેહરે જણાવ્યું કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ અને આસપાસના વિસ્તારમાં બાકીના 4 નાવિકોની શોધખોળ હજુ પણ ચાલુ છે. ઈરાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રાત્રિ દરમિયાન થયેલા અમેરિકી હુમલામાં એક ઈરાની જહાજને નિશાન બનાવવામાં આવ્યું હતું. આ હુમલા બાદ જહાજ પર હાજર 5 નાવિકો લાપતા થઈ ગયા હતા.

મિનાબ કાઉન્ટીના ગવર્નર મોહમ્મદ રદમેહરે જણાવ્યું કે બચાવ ટુકડીઓને લાપતા નાવિકોમાંથી એકનો મૃતદેહ મળી આવ્યો છે. જોકે, મૃતકની ઓળખ હજુ જાહેર કરવામાં આવી નથી.

રદમેહરે આ પહેલા માહિતી આપી હતી કે આ નૌકા સૈન્ય અથડામણ દરમિયાન 10 નાવિકો ઘાયલ પણ થયા છે. ઘાયલોની સારવાર ચાલી રહી છે.

US બોલ્યું- 70 થી વધુ જહાજોને ઈરાની બંદરો પર આવવા-જવાથી રોક્યા

અમેરિકી સેનાની સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ દાવો કર્યો છે કે તેણે 70 થી વધુ જહાજોને ઈરાની બંદરોમાં પ્રવેશ કરવા અથવા ત્યાંથી નીકળવાથી રોક્યા છે. અમેરિકા અનુસાર, આ જહાજો 16.6 કરોડ બેરલથી વધુ ઈરાની ઓઈલ લઈ જવાની ક્ષમતા ધરાવતા હતા, જેની અંદાજિત કિંમત 13 અબજ ડોલરથી વધુ છે.

CENTCOM એ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને કહ્યું કે અમેરિકી સેના ઈરાન વિરુદ્ધ લાગુ દરિયાઈ નાકાબંધી અભિયાન હેઠળ આ કાર્યવાહી કરી રહી છે.

## તંત્રી લેખ

# ભવાનીપુરમાં કચરાના ઢગલાને કારણે મમતા હાર્યા

ભવાનીપુરની ગલીઓમાં પગ મૂકતા જ અનુભવાય છે કે કંઈક બદલાઈ ગયું છે. એક તરફ ઉત્સવ, બીજી તરફ શાંતિ. મમતાની હાર બાદ રસ્તા પર ઘણી જગ્યાએ TMCના ઝંડા પડેલા જોવા મળ્યા. થોડે આગળ ડીજેનો જોરદાર અવાજ આવ્યો. 'જય શ્રી રામ'નો ઉદ્‌ઘોષ અને ગીતો પર નાચતા લોકો દેખાયા. બોલ્યા, 'ખેલા ખતમ થઈ ગયો, હવે શાંતિથી રહીશું.' ભવાનીપુર મમતા બેનર્જીનું ઘર છે. અહીં જ જન્મ્યા. ત્રણ વાર ચૂંટણી જીત્યા. આ વખતે સુવેન્દુ અધિકારી સામે હારી ગયા. ભાજપે ટીએમસીના ડર અને ભવાનીપુરની દુર્દશા, કચરાના ઢગલાને મમતા વિરુદ્ધ સૌથી મોટો મુદ્દો બનાવ્યો. કાલીઘાટના ટર્ફ રોડ એરિયામાં રહેતી રીતા દત્તાના પતિ 38 વર્ષથી BJPમાં છે. એક દિવસ સુવેન્દુ અધિકારી તેમને મળવા ઘરે આવ્યા. રીતા જણાવે છે કે સુવેન્દુ દાના ગયાના 10 મિનિટ પછી જ ત્રણ છોકરાઓ આવ્યા. ઉંમર 20-22 વર્ષ હશે. હાથમાં એક પેકેટ હતું. બોલ્યા- TMC તરફથી છે. પેકેટમાં સફેદ સાડી હતી. તેના પર લખ્યું હતું- સુવેન્દુ બે દિવસ, TMC આખું જીવન. રીતા જણાવે છે, 'ત્યાર પછી પણ અમને ધમકીઓ મળતી રહી. કહેવામાં આવ્યું કે 4 તારીખ પછી જોઈ લઈશું. હાથ-પગ તોડી નાખીશું. અમે આ વાત સુવેન્દુ દા સુધી પહોંચાડી. તેમની મદદથી કાલીઘાટ પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવી. તે લોકોને અરેસ્ટ કરાવ્યા.' રાજસ્થાનના BJP લીડર રાજેન્દ્ર રાઠોડ ભવાનીપુરના પ્રભારી હતા. અમિત શાહ અને સુનિલ બંસલના નજીકના છે. 7 વારના ધારાસભ્ય છે. નેતા વિપક્ષ પણ રહ્યા. તેઓ અંદાજે 50 દિવસ ભવાનીપુરમાં રહ્યા. રાઠોડ ભવાનીપુર પહોંચ્યા, તો ખબર પડી કે અહીં BJPની ઓફિસ જ નથી. તેમના સાથી ધારાસભ્ય ગુરબીર બરાર જણાવે છે, 'TMCના લોકો ઓફિસ બનવા દેતા નહોતા. અમે એક જગ્યા શોધી. તેના માલિકને ઓફિસ બનાવવા માટે તૈયાર કર્યો.' 'ઓફિસ બનાવવી હજુ પણ મુશ્કેલ હતી. કન્સ્ટ્રક્શનનો સામાન પોલીસે રસ્તામાં રોકી લીધો. ત્યાંથી ગાડી છૂટી, તો TMCના લોકોએ ઘેરી લીધી. ધમકાવવા લાગ્યા. અમે CRPFની મદદ લીધી અને 4-5 દિવસમાં ઓફિસ બનીને તૈયાર થઈ ગઈ. મમતાને હરાવતા પહેલા અમે ભવાનીપુરમાં ઓફિસ બનાવીને તેમના ગુંડાઓને ચેલેન્જ આપી.' BJPએ કેવી રીતે મમતાના મજબૂત કિલ્લામાં અવાજ કર્યા વગર સેંધ મારી દીધી. તેનો જવાબ છુપાયેલો છે, ઘરે-ઘરે પહોંચવાની રણનીતિમાં. BJPએ પ્રચાર માટે ડાયરેક્ટ કનેક્શન પર ભાર મૂક્યો. ત્રણ-ત્રણ લોકોની ટીમો બનાવી, બે પુરુષ અને એક મહિલા. તેમનું કામ હતું દરેક ઘર સુધી પહોંચવું, વોટર સાથે વાત કરવી અને અનુભવ કરાવવો કે તેનો વોટ મહત્વનો છે. તેનાથી ઉલટું TMCના લોકો ટોળામાં ચૂંટણી પ્રચાર માટે જતા હતા. આ કારણે લોકો તેમનાથી દૂર રહેતા હતા. ભવાનીપુરની ઓળખ બહુમાળી ઈમારતોથી પણ છે. અહીં પ્રચાર સરળ હોતો નથી. BJP કાર્યકર બિલ્ડિંગના સિક્યુરિટી ગાર્ડને સાથે લેતા, પછી લિફ્ટથી સૌથી ઉપર જતા અને ત્યાંથી નીચે આવતા દરેક ફ્લેટમાં દસ્તક દેતા. દરેક ઘરમાં વડાપ્રધાનનો પત્ર, સંકલ્પ પત્ર અને સુવેન્દુ અધિકારીની પ્રોફાઈલ વાળું પત્રિકા આપવામાં આવતી.

# સોમનાથ મંદિરની ગણના જ્યોતિર્લિંગમાં પ્રથમ છે! અને એ ગુજરાતી માટે ગૌરવની વાત છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

11 મેં એ સોમનાથ મંદિરનો સ્થાપના દિવસ છે, અને આ વખતે મંદિરના જીર્ણોદ્ધારને 75 વર્ષ પૂર્ણ થાય છે. સોમનાથ નું મંદિર ગૌરવશાળી ઈતિહાસનું સાક્ષી છે, અને દરેક હિન્દુઓની આસ્થાની ધજા છે. ભગવાન શંકર સંસારી હોવાથી જીવ તેથી સાથે આસાનીથી જોડાઈ શકે છે અને આ ઉપરાંત ભગવાન શંકર સહજ સરળ અને ભોળા છે. હિન્દુ ધર્મની માન્યતા મુજબ શિવજી જ્યાં જ્યાં સ્વયં પ્રગટ થયા તે બાર જગ્યાઓને જ્યોતિર્લિંગના સ્વરૂપમાં પૂજવામાં આવે છે. તેમાં ગુજરાતના સૌરાષ્ટ્રમાં આવેલું શ્રી સોમનાથ સર્વ પ્રથમ ક્રમે છે. આખી દુનિયામાંથી શિવભક્તો અહિં ભવ્ય શિવલિંગનાં દર્શન કરવા આવે છે. પરંતુ ગુજરાતના સોમનાથ મંદિરની એવી ઘણી બધી જાણીતી બાબતો છે જેના વિષે ઘણા ઓછા ભક્તો જાણે છે.આમ તો સમગ્ર ભારતમાં ઘણાં બધાં શિવાલયો આવેલા છે. પરંતુ ગુજરાતમાં સુપ્રસિદ્ધ સોમનાથનું મંદિર આવેલું છે, અને તે પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે માનવામાં આવે છે. ઘણાં બધાં શિવલિંગ સ્વયંભૂ હોય છે, કોઈની પ્રાણ પ્રતિષ્ઠા થઈ હોય છે, તો કોઈમાં સ્વયં પ્રગટ થાય છે, અને તેની દિવ્ય જ્યોત સ્વરૂપે તે એમાં કાયમ વિરાજમાન છે. તો આવા એક જ્યોતિર્લીંગ એટલે કે ભગવાન સોમનાથ મહાદેવની આજે આપણે વાત કરીશું.

જ્યોતિર્લિંગ તરીકે જાણીતાં અને ગુજરાતનાં ગીર સોમનાથ જીલ્લામાં વેરાવળ પ્રદેશમાં સ્થિત એવા સોમનાથ મંદિરનો ઈતિહાસ પણ ખુબ જ રસપ્રદ છે, અને તે અત્યંત પ્રાચીન શિવલિંગ છે. બહુ મોટો દરિયા કિનારો ધરાવતો સૌરાષ્ટ્રના આ વિસ્તારમાં બિરાજમાન આ સોમનાથ મહાદેવ ઉત્તમ સ્થાપત્યનો નમૂનો પણ છે, વિશાળ પટાંગણ ધરાવતું મંદિર ઐતિહાસિક કલાકારી ધરાવે છે. આટલી મોટી ઊંચાઈ અને પહોળાઈ ધરાવતું શિવલિંગ લગભગ બીજે ક્યાંય જોવા મળતું નથી.

સોમનાથનું પહેલું મંદિર 2000 વર્ષ પહેલાં અસ્તિત્વમાં આવ્યું હોવાનું કહેવાય છે. ઈ.સ. 649 ની સાલમાં વલ્લભીના રાજા મૈત્રકે પહેલાં મંદિરનો જીર્ણોદ્ધાર કરી તેના સ્થાને બીજું મંદિર બનાવ્યું. ૭૨૫ની સાલમાં સિંધના આરબ શાસક જૂનાયદે તેની સેના લઈ મંદિર પર હુમલો કરી મંદિરનો નાશ કર્યો હતો. પ્રતિહાર રાજા નાગ ભટ્ટ બીજાએ 815 માં ત્રીજી વખત લાલ પથ્થર વાપરી મંદિરનું નિર્માણ કર્યું. 1026 ની સાલમાં મહંમદ ગઝનીએ સોમનાથના મંદિરના કિંમતી ઝવેરાત અને મિલ્કતની લુંટ કરી હતી. લુંટ કર્યા પછી, મંદિરના અસંખ્ય યાત્રાળુઓની કતલ કરી અને મંદિરને સળગાવી તેનો વિનાશ કર્યો. 1026 1042 ના સમયમાં માળવાના પરમાર રાજા ભોજ તથા અણહિલવાડ પાટણના સોલંકી રાજા ભીમદેવે ચોથા મંદિરનું નિર્માણ કર્યું. 1299 ની સાલમાં જ્યારે દિલ્લી સલ્તનતે ગુજરાતનો કબજો કર્યો ત્યારે સોમનાથનો વિનાશ કરવામાં આવ્યો. 1394 માં તેનો ફરીથી વિનાશ થયો. 1706ની સાલમાં મોગલ શાસક ઔરંગઝેબે ફરીથી મંદિર તોડી પાડ્યું.



આમ અતિ પ્રાચીન એવા સોમનાથ મંદિર કેટલીય વાર વિનાશ થયો, અને ત્યારબાદ ફરી પાછું ઊભું થયું, આ બતાવે છે કે સત્યનો ક્યારેય પરાજય થતો નથી સ્કંદ પુરાણ શિવ પુરાણ શ્રીમદ ભાગવત અને ઋગ્વેદમાં સોમનાથના મંદિર વિશેનો ઉલ્લેખ છે. આ મંદિર સાથે મુખ્ય એક કથા જોડાયેલી છે. દક્ષ પ્રજાપતિની 28 પુત્રીઓ સાથે ભગવાન ચંદ્ર એટલે કે સોમના લગ્ન થયાં અને તે એમાંથી ફક્ત એક રાણી એટલે કે રોહિણી સાથે જ સમય વ્યતીત કરતા હોવાથી બાકીની પુત્રીઓ પિતાના ઘરે જઈ ફરિયાદ કરે છે અને દક્ષ પ્રજાપતિ ચંદ્ર ને શ્રાપ આપે છે કે તારો ક્ષય થશે રોહિણી અને ચંદ્રદેવ ખૂબ જ આકરી તપસ્યા કરે છે, અને ભગવાન શંકર પ્રસન્ન થઈ અને ૧૫ દિવસનો ક્ષય અને પંદર દિવસ ચડતી એ રીતે ચંદ્રને વરદાન આપે છે ભગવાન સોમ એટલે કે ચંદ્રમા પ્રસન્ન થઈ, અને સોનાનાં લિંગની સ્થાપના કરે છે, ત્યારબાદ ત્રેતાયુગમાં રાવણ ચાંદીના શિવલિંગની આ જગ્યાએ સ્થાપના કરે છે, અને ત્યારબાદ ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં લાકડાના શિવલિંગની સ્થાપના કરે છે, ત્યારબાદ આ અત્યારનું શિવલિંગ અસ્તિત્વમાં આવ્યું છે.

ઈતિહાસવિદોના જણાવ્યા મુજબ સોમનાથ પાસે પ્રાચીન સમયમાં કપિલા, હીરણ અને સરસ્વતી એમ ત્રણ નદીઓનો સંગમ થતો હતો. એવું માનવામાં આવે છે કે એક શ્રાપને કારણે પોતાની ચમક ગુમાવી દેનાર ચંદ્ર દેવતાએ અહીં સરસ્વતી નદીમાં સ્નાન કરીને પોતાનું રૂપ પાછુ મેળવ્યું હતું.

ભારતના પ્રાચીન ગ્રંથોનું અધ્યયન કરવાથી માલૂમ પડ્યું છે કે સોમનાથ જ્યોતિર્લિંગની સ્થાપના અને પ્રાણ પ્રતિષ્ઠા ત્રેતા યુગમાં શ્રાવણ મહિનાની શુક્લ પક્ષની ત્રીજના રોજ કરવામાં આવી હતી. શ્રીમદ આદ્ય જગદગુરુ શંકરાચાર્ય વેદિક શોધ સંસ્થાનના ચેરમેન સ્વામી શ્રી ગજાનંદ સરસ્વતિજીના જણાવ્યા અનુસાર લગભગ 7,99,25,105 વર્ષ પહેલા આ મંદિર પહેલી વાર બંધાયું હતુ. તેનો રેફરન્સ સ્કંદ પુરાણના પ્રભાસ ખંડમાંથી મળે છે. આ મંદિર હજારો વર્ષોથી હિન્દુઓની આસ્થાનું પ્રતીક રહ્યું છે.

1024માં આ મંદિર અફઘાનિસ્તાનના સુલતાન મહોમ્મદ ગઝનીએ નષ્ટ કરી નાંખ્યુ હતુ. મહંમદ ગઝનીએ જ્યારે સોમનાથના મંદિર પર ચડાઈ કરી ત્યારે સોમનાથના મંદિરનો વૈભવ શબ્દોમાં ન વર્ણવી શકાય તેવો હતો, સોના ચાંદી તથા રત્નો જડિત મૂર્તિઓ, અને 300 જેટલાં નટ ને નટીઓ ભગવાન શંકર સામે રોજ નૃત્ય કરતાં હતાં, આ ઉપરાંત બીજા પણ બધાં દાસ દાસીઓ હતાં, અને આ એશ્વર્ય થી લલચાઈ ને તેણે તેની પર ચડાઈ કરી હતી. તેણે થાર રણ પરથી આ મંદિર પર હુમલો કર્યો હતો. ત્યાર બાદ સોલંકી રાજા ભોજ અને અણહિલવાડાના ભીમદેવ 1એ આ મંદિર 1026થી 1042 વચ્ચે ફરી બનાવડાવ્યું હતું. એ સમય મંદિર લાકડાથી બનાવડાવ્યું હતું પરંતુ પાછળથી કુમારપાળ રાજાએ પથ્થરનું મંદિર બનાવડાવ્યું હતુ.

1296ના વર્ષમાં અલ્લાઉદ્દીન ખિલજીના સૈનિકોએ ફરી સોમનાથ મંદિર પર હુમલો કર્યો હતો. ગુજરાના રાજ કરણની હાર થઈ હતી અને તેને દેશ છોડી ભાગી જવાની ફરજ પડી હતી. રાજા મહિપાલ દેવે 1308માં ફરી મંદિર બનાવડાવ્યું હતું અને લિંગનું સ્થાપન તેમના પુત્ર ખેંગારે 1326થી 1351 વચ્ચે કર્યું હતું. જો કે મહેમુદ બેગડાએ તે 1451માં ગુજરાતનો સુલતાન બન્યો ત્યારે આ મંદિર ફરી તોડી નાંખ્યુ હતુ. 1665માં ઔરંગઝેબે ફરી સોમનાથ મંદિર પર હુમલો કર્યો હતો. પુણેના પેશ્વા રાજા ભોંસલે, કોલ્હાપુરના છત્રપતિ ભોંસલે અને રાણી અહિલ્યાબાઈ હોલકરે તથા ગ્વાલિયરના શ્રીમંત પાટિલબુવા શિંદેએ સાથે મળીને 1783માં ફરી મંદિર બંધાવ્યું હતુ.

હાલમાં આપણે જે સોમનાથ મંદિર જોઈ રહ્યા છો તે ચાલુક્ય સ્ટાઈલથી બનાવવામાં આવ્યું છે. ગુજરાતના સર્વશ્રેષ્ઠ કડિયા સોમપુરાના સલાટોએ સોમનાથ મંદિરનું બાંધકામ કર્યું હતું. મંદિરના શિખરની હાઈટ 15 મીટર જેવી છે અને તેની પર 8.2 મીટર ઊંચી ધજા ફરકે છે.

# ગુજરાત બટેલિયન એન.સી.સી અને જિલ્લા માહિતી કચેરી નડિયાદ દ્વારા ઓપરેશન સિંદૂરની ઉજવણી કરાઈ





**નડિયાદ, તા. 08**

દેશની સુરક્ષા, સૈનિકોના શૌર્ય અને રાષ્ટ્રપ્રેમના અડગ સંકલ્પને સમર્પિત "ઓપરેશન સિંદૂર"ને એક વર્ષ પૂર્ણ થતા સમગ્ર દેશમાં ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવી રહી છે. આ અવસરે ૨૮ ગુજરાત બટેલિયન એન.સી.સી, નડિયાદ અને જિલ્લા માહિતી કચેરી, નડિયાદના સંયુક્ત ઉપક્રમે માહિતી ભવન, નડિયાદ ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત પહેલગામ આતંકવાદી હુમલામાં શહીદ થયેલા નિર્દોષ નાગરિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ઉપસ્થિત સૌએ દેશની એકતા, સુરક્ષા અને રાષ્ટ્રહિત માટે અવિરત કાર્ય કરવાની પ્રતિજ્ઞા લઈને "રાષ્ટ્ર પ્રથમ"ના સંદેશને વધુ મજબૂત બનાવ્યો હતો.

આ પ્રસંગે લેફ્ટનન્ટ કર્નલ શ્રી ગિરીશ જોશીએ એન.સી.સી કેડેટ્સને "ઓપરેશન સિંદૂર" અંતર્ગત ભારતીય સશસ્ત્ર દળો દ્વારા હાથ ધરાયેલી સૈન્ય કાર્યવાહી અંગે માહિતગાર કર્યા હતા. તેમણે યુદ્ધમાં માત્ર શસ્ત્રબળ જ નહીં, પરંતુ કુટનીતિ, વૈશ્વિક પરિબળો અને વ્યૂહાત્મક નિર્ણયોનું મહત્વ પણ સમજાવ્યું હતું. સાથે જ "મેક ઈન ઈન્ડિયા" અંતર્ગત વિકસિત આધુનિક શસ્ત્રો અને ભારતની વધતી રક્ષા ક્ષમતાનો પણ ઉલ્લેખ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે તા. ૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં નિર્દોષ પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલાએ સમગ્ર દેશને દુ:ખ અને આક્રોશથી વ્યથિત કર્યો હતો. આ હુમલાના જવાબરૂપે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ ભારતીય સેના, ભારતીય વાયુસેના અને ભારતીય નૌકાદળે સંયુક્ત રણનીતિ સાથે તા. ૬ અને ૭ મે, ૨૦૨૫ની મધ્યરાત્રિએ "ઓપરેશન સિંદૂર" શરૂ કર્યું હતું. ભારતીય સેનાએ પાકિસ્તાન અને પીઓકેમાં આવેલા આતંકવાદી ઠેકાણાઓ પર ચોક્કસ અને પ્રચંડ પ્રહાર કરીને જૈશ- એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબાના આતંકી માળખાને ધરાશાયી કર્યું હતું. રાફેલ ફાઈટર જેટ્સ દ્વારા હેમર અને સ્કેલ્પ મિસાઈલોના ઉપયોગથી માત્ર આતંકવાદી ઠેકાણાઓને જ નિશાન બનાવવામાં આવ્યા હતા, જેના દ્વારા ભારતે વિશ્વ સમક્ષ જવાબદાર, સંયમિત અને શક્તિશાળી રાષ્ટ્ર તરીકે પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર સૈન્ય કાર્યવાહીને "ઓપરેશન સિંદૂર" નામ આપીને દેશની મહિલાઓના "સિંદૂર"ને શૌર્ય અને સુરક્ષાના ગૌરવ સાથે જોડ્યું હતું. આ સાથે કર્નલ સોફિયા કુરેશી અને વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહ દેશના સાહસ, નેતૃત્વ અને રાષ્ટ્રપ્રેમના પ્રેરણાદાયક પ્રતિક તરીકે ઊભરી આવ્યા હતા.

આજે માહિતી કચેરી ખાતે આયોજિત કાર્યક્રમ દરમિયાન "ઓપરેશન સિંદૂર" આધારિત વિશેષ ફિલ્મનું પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું, જેને ઉપસ્થિતોએ દેશભક્તિના ભાવ સાથે નિહાળી હતી. આ કાર્યક્રમમાં નાયબ માહિતી નિયામક શ્રી માનસીબેન દેસાઈ, સુબેદાર મેજર શ્રી મોહમ્મદ ઈકરાર, સી.બી. પટેલ આર્ટ્સ કોલેજના એન.સી.સી કેડેટ્સ તેમજ માહિતી અને એન.સી.સી વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઘમંડ એને જ હોય જેને મહેનત વગર બધું મળી ગયું હોય.. જેણે પોતે સંઘર્ષ કર્યો હોયએ નાના માણસની પણ કદર કરે છે !!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

ભારતીય સંસ્કૃતિમાં ગુરુને ઈશ્વરથી પણ અધિક સ્થાન આપવામાં આવ્યું છે. ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુ, ગુરુર્દેવો મહેશ્વરા' કહીને ગુરુને સૃષ્ટિના ત્રણેય સ્વરૂપો સાથે સરખાવ્યા છે. કારણ સ્પષ્ટ છે: ગુરુ માત્ર વિદ્યા નથી આપતો, જીવન જીવવાની દૃષ્ટિ આપે છે. પરંતુ જ્યારે વિદ્યા મળ્યા પછી શિષ્યના મનમાં 'હું' નો અહંકાર જન્મે, ત્યારે એ જ વિદ્યા એનું પતન નોંતરે છે.

એક તલવારબાજ ગુરુ અને તેના અભિમાની શિષ્યની છે. સાથે સાથે ભાગવત ગીતા અને પુષ્ટિમાર્ગના દૃષ્ટાંતો દ્વારા બુદ્ધિ ની સ્થિરતા,કામ પરવિજય અને મર્યાદા પાલનનું મહત્વસમજાવ્યું છે. આ લેખ માત્ર એક બોધકથા નથી,પણ આજના યુગમાં 'ઈન્સ્ટન્ટ સફળતા' પાછળ દોડતા દરેક યુવાન માટે અરીસો છે. જ્યાં અનુભવને 'જૂનો' કહીને અવગણવામાં આવે છે, ત્યાં આ કથા યાદ અપાવે છે કે તલવાર ની લંબાઈ નહીં,વિચાર ની ઊંડાઈ જ યુદ્ધ જીતાડે છે. એક સમયે, એક નાના ગામમાં, એક મહાન કુશળ તલવારબાજ રહેતો હતો. તેની તલવારની ધાર જેટલી તીક્ષ્ણ હતી તેટલી જ ગહન તલવાર બાજી કળા હતી. લોકો દૂર-દૂરથી તેમની પાસેથી યુદ્ધ કળા શીખવા માટે જતા હતા. તેમના શિષ્યોમાં એક અસાધારણ પ્રતિભા ધરાવતો યુવાન પણ હતો. ગુરુ તેને પુત્રની જેમ પ્રેમ કરતા હતા અને તેને તલવારબાજીની દરેક ટેકનિક શીખવતા હતા.

વર્ષોની મહેનત પછી, શિષ્ય એટલો કુશળ બન્યો કે લોકો તેમના ગુણગાન ગાવા લાગ્યા. ધીમે ધીમે, આ પ્રશંસાએ તેના મનમાં ઘમંડ ભરી દીધો. તે ગામડે ગામડે ભટકવા લાગ્યો, બડાઈ મારતો કે, 'મારો મુકાબલો કરી શકે તેવો કોઈ તલવારબાજ જીવતો નથી. મારા ગુરુ વૃદ્ધ થયા છે;તે હવે મને હરાવી શકશે નહીં.' શરૂઆતમાં, લોકોએ તેના શબ્દોને ફક્ત મજાક તરીકે ફગાવી દીધા, પરંતુ દરેક પસાર થતા દિવસે તેનો ઘમંડ વધતો ગયો.

અંતે, એક દિવસ,આખા ગામની સામે, તેણે તેના ગુરુને પડકાર ફેંક્યો: 'જો તમારામાં શક્તિ હોય, તો મેદાનમાં આવો અને યુદ્ધમાં મારો સામનો કરો; નહીં તો, ગુરુ કહેવાતા રહેવાનો તમારો અધિકાર છોડી દો.'

આ સાંભળીને ગામલોકો ખૂબ જ દુઃખી થયા. બધાએ શિષ્યને સમજાવવાનો પ્રયાસ કર્યો કે પોતાના ગુરુનું અપમાન કરવું એ ગંભીર પાપ છે; છતાં, પોતાના ઘમંડથી આંધળો થઈને, શિષ્ય કોઈનું સાંભળવા તૈયાર ન હતો. વૃદ્ધ ગુરુ શાંત રહ્યા.તેમણે પડકાર સ્વીકાર્યો.



દ્વંદ્વયુદ્ધની તારીખ નક્કી થઈ ગઈ. આખા ગામમાં ઉત્તેજના ફેલાઈ ગઈ. બધાને લાગ્યું કે વૃદ્ધ ગુરુ હવે તેના યુવાન શિષ્ય સામે ટકી શકશે નહીં.જોકે, દ્વંદ્વયુદ્ધ ના આગલા દિવસે, શિષ્યએ કંઈક અનોખું જોયું. ગુરુ એક લુહાર પાસેથી પંદર ફૂટ લાંબો મ્યાન બનાવડાવી રહ્યા હતા. શિષ્ય આશ્ચર્યચકિત થઈ ગયો. તેણે મનમાં વિચાર્યું, 'ચોક્કસ, ગુરુ કોઈ ગુપ્ત યુક્તિ છુપાવી રહ્યા છે. આટલી લાંબી મ્યાન એટલે કે તલવાર પણ એટલી જ લાંબી હોવી જોઈએ.

ડર અને ઘમંડના મિશ્રણથી પ્રેરાઈને, તેણે તરત જ બીજા લુહારને સોળ ફૂટ લાંબી તલવાર અને મ્યાન બનાવવાનું કામ સોંપ્યું. તે અંદરથી ખુશ હતો, તેને અપેક્ષા હતી કે જે ક્ષણે ગુરુએ તેની તલવાર ખેંચી, તે પહેલા હુમલો કરશે.

બીજા દિવસે, મેદાન દર્શકોથી ભરાઈ ગયું. ગુરુએ તેના હાથમાં પંદર ફૂટનો મ્યાન પકડ્યો હતો, જ્યારે શિષ્યએ તેનાથી પણ લાંબો મ્યાન પકડ્યો હતો. સીટી વાગતાની સાથે જ દ્વંદ્વયુદ્ધ શરૂ થયું.

થોડી જ ક્ષણોમાં,ગુરુએ વીજળી જેવી ચપળતાથી પોતાના લાંબા મ્યાનમાંથી એક નાની તલવાર કાઢી અને તેને સીધી શિષ્યની ગરદન પર મૂકી દીધી. આ દરમિયાન, શિષ્ય પોતાની ભારે, વિશાળ તલવાર પણ મ્યાનમાંથી સંપૂર્ણપણે બહાર કાઢી શક્યો ન હતો. આખું મેદાન શાંત થઈ ગયું.

શિષ્યનું માથું શરમથી ઝૂકી ગયું. તેને ખ્યાલ આવ્યો કે ગુરુએ ફક્ત એક લાંબો મ્યાન રાખ્યો છે - લાંબી તલવાર નહીં. ગુરુએ હસીને કહ્યું, 'યુદ્ધો ફક્ત શક્તિથી નહીં, પરંતુ બુદ્ધિ અને ધીરજથી જીતાય છે. અને ગુરુનો અનુભવ ક્યારેય જૂનો થતો નથી.'

શિષ્યની આંખોમાંથી અહંકાર ગાયબ થઈ ગયો હતો. તે ગુરુના પગે પડ્યો અને ક્ષમા માંગી. ગુરુ એ તેને ઊંચકીને ભેટી પડ્યો. વાચક મિત્રો,આપણને શીખવે છે કે અહંકાર એ માનવીનો સૌથી મોટો દુશ્મન છે. જ્ઞાન અને શક્તિ પ્રાપ્ત કર્યા પછી પણ, જો કોઈ વ્યક્તિ નમ્ર રહેવામાં નિષ્ફળ જાય, તો તેનું પતન અનિવાર્ય છે. ગુરુનો અનુભવ, શાણપણ અને જીવનની સમજ ક્યારેય વ્યર્થ નથી જતી. ફક્ત બાહ્ય શક્તિ કે બાહ્ય દેખાવ જ સફળતા લાવતો નથી; યોગ્ય સમયે યોગ્ય નિર્ણયો લેવાની શાણપણ જ સાચી જીત તરફ દોરી જાય છે.

બુદ્ધિનું સમર્પણ: ગીતા અને ભાગવતનો સંદેશ બુદ્ધિ ચંચળ છે. પાંચ વિષયો તેને પોતાની કરવા માગે છે, પરંતુ બુદ્ધિ એક ઈશ્વરને જ અર્પણ કરવી. જીવનો સાચો પતિ ઈશ્વર છે. ગીતાજીમાં ભગવાને પણ અર્જુનને એ શીખ દીધી: 'તું તારું ડહાપણ છોડ અને બુદ્ધિ મને અર્પણ કરી દે!' અર્જુન પણ એ વાત સ્વીકારી કહે છે કે, 'હું તમારે શરણે છું. તમે કહેશો તેમ હું હવે કરીશ.'

રાસલીલાનું ચિંતન-મનન કરવાથી બુદ્ધિ સ્થિર થાય છે. બુદ્ધિ સ્થિર થયા વગર કામ મરતો નથી, વાસનાનો ક્ષય થતો નથી. સ્થિરબુદ્ધિવાળાને ભગવાને ગીતાજીમાં 'સ્થિતપ્રજ્ઞ' કહીને નવાજ્યો છે. કામ અદૃશ્ય રહીને મનુષ્યને મારે છે. ક્રોધ જાય,લોભ જાય,પણ કામ જતો નથી. ઘણાખરા અનર્થો કામમાં થી થયા છે. કામ મરે તેના માટે સંસાર રહેતો નથી, તે મુક્ત છે. કામનું મરણ થાય કેવી રીતે? ભગવાનનાં દર્શન, સ્મરણ, ચિંતન અને કીર્તન વિના એ શક્ય નથી. સેવા અને ભક્તિ એ જ એકમાત્ર સાધન છે.

ભાગવત એ ભવરોગની દવા છે. પણ સઘળાં વ્રત પાળવાંજોઈએ મહાપુરુષો વેદશાસ્ત્રની મર્યાદા તોડતા નથી. શ્રીકૃષ્ણ હંમેશાં ચાર વાગે બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠતા વલ્લભાચાર્ય મહાપ્રભુજી હંમેશાં ત્રિકાળસંધ્યા કરતા હતા.

મહાપ્રભુજી એક દિવસજગન્નાથ જીના મંદિરમાં ગયેલા. એકાદશી નું વ્રત હતું. એવામાં મંદિરમાંથી હાથમાં સુખડીનો પ્રસાદ આવ્યો. હવે શું કરવું? પ્રસાદ આરોગે તો એકાદશી વ્રતનો ભંગ થાય, અને નથી આરોગતા તો પ્રભુના પ્રસાદનું અપમાન થાય. વ્રત ભંગ કરાય નહીં અને પ્રસાદ પણ છોડાય નહીં.

મહાપ્રભુજીએ બંનેનું પાલન કર્યું. વ્રતની અને પ્રસાદની બંનેની તેમણે મર્યાદા રાખી. આખી રાત તેમણે હાથમાં પ્રસાદ રાખ્યો અને બારસ થઈ, અગિયારશનો દિવસ પૂરો થયો એટલે પ્રસાદ આરોગી ગયા.

પ્રભુની કૃપા મેળવવાનો માર્ગ તે પુષ્ટિમાર્ગ. એ માર્ગ સંસારીઓ માટે સહેલો નથી. જેમનાં ચિત્ત વિષયોમાં ફસાયેલા છે તેમનામાં હરિ-દર્શનનો આવેશ કદી આવે જ નહીં.

શ્રીકૃષ્ણ પણ ગોકુળમાં રહ્યા ત્યાં સુધી બીજા ગોપ બાળકોની જેમ જ રહ્યા છે. ચાર વાનાં એમણે કર્યા નથી: જોડા પહેર્યા નથી, સીવેલાં કપડાં પહેર્યાં નથી, હાથમાં અસ્ત્ર કે શસ્ત્ર લીધું નથી, માથાના કેશ ઉતરાવ્યા નથી. આ મર્યાદાનું પાલન કર્યું જ છે.

જે લોકો પોતાના ગુરુઓ, વડીલો અને માર્ગદર્શકોનો આદર કરે છે તેઓ જ જીવનમાં સાચું જ્ઞાન, સન્માન અને સફળતા પ્રાપ્ત કરે છે. તલવારની લંબાઈ નહીં, બુદ્ધિની ગહનતા અને ગુરુ પ્રત્યેનું સમર્પણ જ મનુષ્યને અજેય બનાવે છે. અસ્તુ.

# પશ્ચિમ રેલવે ચલાવશે સાબરમતી અને સુલતાનપુર વચ્ચે સમર સ્પેશિયલ ટ્રેન



**અમદાવાદ રેલવે, તા. 08**

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં સાબરમતી અને સુલતાનપુર વચ્ચે વિશેષ ભાડા પર સમર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો આ પ્રમાણે છે : ટ્રેન નંબર 04215/04216 સાબરમતી-સુલુતાનપુર-સાબરમતી સ્પેશિયલ (કુલ 18 ફેરા) ટ્રેન નંબર 04215 સાબરમતી-સુલતાનપુર સ્પેશિયલ 18 મે 2026 થી 13 જુલાઈ 2026 સુધી દરેક સોમવારે સાબરમતીથી સવારે 08:50 કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે 17:00 કલાકે સુલતાનપુર પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર 04216 સુલતાનપુર-સાબરમતી સ્પેશિયલ 17 મે 2026 થી 12 જુલાઈ 2026 સુધી દરેક રવિવારે સુલતાનપુરથી સવારે 04:00 કલાકે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે 07:20 કલાકે સાબરમતી પહોંચશે. માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબૂરોડ, પિંડવાડા, સુમેરપુર-જવાઈ બાંધ, ફાલના, રાની, મારવાડ જં., અજમેર, કિશનગઢ, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, આગરા કેન્ટ, ઈટાવા, કાનપુર સેન્ટ્રલ અને લખનઉ સ્ટેશન પર રોકાશે. આ ટ્રેનમાં એસી-3 ટિયર ઈકૉનોમી અને સામાન્ય શ્રેણીના કોચ રહેશે. ટ્રેન નંબર 04215 નું બુકિંગ 09 મે, 2026 થી યાત્રી આરક્ષણ કેન્દ્રો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના પરિચાલન સમય, રોકાણ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# અમદાવાદમાં જી.પી.એસ.સી.ની વિવિધ જાહેરાતોના સામાન્ય અભ્યાસની (કોમન) પ્રાથમિક કસોટી અંગેનું શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું બહાર પડાયું

- **પ્રતિબંધિત વિસ્તાર: (૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર**
- **(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર**

**અમદાવાદ, તા. 08**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ નંબર/વિ.શા/ એ-સેક્શન/ પરમીટ/જી.પી.એસ.સી.પરીક્ષા/ ૫૦ /૨૦૨૬. તા.૭/૫/૨૦૨૬ વંચાણે લીધા:- (૧) નિવાસી અધિક કલેકટરશ્રી, અમદાવાદ શહેરની કચેરીના પત્ર ક્રમાંક નં.એક્ઝામ સેલ/GPSC/પરીક્ષા/ જાહેરનામું/વશી. ૩૨૬/૨૦૨૬ તા.૦૫/૦૫/૨૦૨૬ આધારે. ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા તા.૧૦/૦૫/૨૦૨૬ના રોજ વિવિધ જાહેરાતોના સામાન્ય અભ્યાસની (કોમન) પ્રાથમિક કસોટી સામાન્ય અભ્યાસની પ્રાથમિક કસોટી (જા.૬,૯૯૨૫/ ૨૦૨૫-૨૬ પ્રશ્નપત્ર-૧ સામાન્ય અભ્યાસ (ભાગ -૧) તા.૧૦/૦૫/૨૦૨૬ ના રોજ કલાક ૧૧/૦૦ થી કલાક ૧૨/૦૦ દરમ્યાન અમદાવાદ શહેરના જુદા-જુદા ૧૫૨ પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે. આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઈ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું જી. એસ. મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/ સી.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/ એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામાં નંબર: જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો: (૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઈલ અને અન્ય ઈલેકટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઈ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

# ઉત્તર પશ્ચિમ રેલવેના સમદડી-લૂણી સેક્શનમાં RUB બાંધકામ માટે બ્લૉકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત



**અમદાવાદ રેલવે, તા. 08**

ઉત્તર પશ્ચિમ રેલવેના સમદડી-લૂણી સેક્શનમાં દૂદિયા અને દૂંદાડા સ્ટેશનો વચ્ચે રોડ અન્ડર બ્રિજ (RUB) બાંધકામ માટે બ્લૉક લેવામાં આવી રહ્યો છે. આ બ્લૉકના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે. વિગતો નીચે પ્રમાણે છે : રદ ટ્રેનો, 1. ટ્રેન નંબર 14893 ભગત કી કોઠી-પાલનપુર એક્સપ્રેસ તારીખ 10.05.2026, 17.05.2026, 22.05.2026, 29.05.2026, 07.06.2026 અને 14.06.2026 ના રોજ રદ રહેશે. 2. ટ્રેન નંબર 14894 પાલનપુર-ભગત કી કોઠી એક્સપ્રેસ તારીખ 11.05.2026, 18.05.2026, 23.05.2026, 30.05.2026, 08.06.2026 અને 15.06.2026 ના રોજ રદ રહેશે. 3. ટ્રેન નંબર 74841/74842 ભગત કી કોઠી - ભીલડી - ભગત કી કોઠી પેસેન્જર તારીખ 17.05.2026 અને 29.05.2026 ના રોજ રદ રહેશે. રિશિડ્યુલ ટ્રેન, 1. ટ્રેન નંબર 74842 ભીલડી - ભગત કી કોઠી પેસેન્જર તારીખ 10.05.2026, 22.05.2026 અને 14.06.2026 ના રોજ ભીલડીથી 01 કલાક મોડી રવાના થશે. ટ્રેનોના પરિચાલન સમય, રોકાણ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શ્રી શ્રી રવિશંકર વિદ્યામંદિરના નવા સંકુલનું ભૂમિપૂજન સંપન્ન





- **આર્ટ ઓફ લિવિંગ સંસ્થા દ્વારા ગોધાવીમાં નિર્માણ પામશે નવું ભવ્ય શૈક્ષણિક સંકુલ**
- **સંસ્થામાં શિક્ષણની સાથે ધ્યાન, પ્રાણાયામ અને મંત્રોચ્ચાર જેવી યોગિક પદ્ધતિઓ દ્વારા માનવ મૂલ્યોનું સંવર્ધન કરવામાં આવશે**
- **પરંપરા અને આધુનિકતાના સંગમ સાથે ભવિષ્યલક્ષી શિક્ષણ પર્યાવરણ પૂરું પાડવાનો સંસ્થાનો સંકલ્પ**

**સુરત, તા. 08**

આર્ટ ઓફ લિવિંગ સંસ્થા દ્વારા અમદાવાદમાં ગોધાવી ખાતે નિર્માણ પામનારા નવા શૈક્ષણિક સંકુલ 'શ્રી શ્રી રવિશંકર વિદ્યામંદિર'નું ભૂમિપૂજન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શાસ્ત્રોક્ત વિધિથી સંપન્ન થયું હતું. આ ભૂમિપૂજન સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શિક્ષણને રાષ્ટ્ર નિર્માણનું શક્તિશાળી માધ્યમ બનાવવામાં આવ્યું છે. જ્યારે શિક્ષણમાં સંસ્કાર, આધ્યાત્મિકતા અને આધુનિકતાનો સમન્વય થાય છે ત્યારે જ જવાબદાર નાગરિકનું ઘડતર થાય છે. સાણંદ વિસ્તાર આજે વિશ્વના નકશા પર સેમીકન્ડક્ટર હબ તરીકે ઉભરી રહ્યો છે, ત્યારે શ્રી શ્રી રવિશંકર વિદ્યામંદિર જેવી સંસ્થાઓ નવી પેઢીને ઈનોવેટિવ સ્કિલ્સ અને વેલ્યુ બેઝ્ડ એજ્યુકેશન આપીને ટેકનોલોજીના ક્ષેત્રમાં ઉભરતી ઉજ્જવળ તકો માટે તૈયાર કરશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. રાજ્યમાં શિક્ષણના સર્વાંગી વિકાસ અંગે જણાવતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકાર શિક્ષણ પાછળ રૂ. ૬૩ હજાર કરોડ જેટલું માતબર બજેટ ફાળવીને 'જ્ઞાનશક્તિ'થી વિકસિત ગુજરાતના પાયા મજબૂત કરી રહી છે. દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે અમલી બનાવેલી 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' જેવી યોજનાઓનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરકારના આવા વિઝનરી અભિગમમાં આ શૈક્ષણિક સંકુલ મહત્વપૂર્ણ યોગદાન આપશે. આ પ્રસંગે સંસ્થાના બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલી 'ઈન્ટ્યુશન પ્રોસેસ'ના નિદર્શનની પ્રશંસા કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયાના યુગમાં યોગ અને જ્ઞાન દ્વારા બાળકોમાં ચેતના જગાડવાનું કાર્ય અભિનંદનને પાત્ર છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના નિર્માણના સંકલ્પને સાકાર કરવા માટે આ સંસ્થા ભાવી પેઢીનું શ્રેષ્ઠ ઘડતર કરશે તેવી મુખ્યમંત્રીશ્રીએ શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે સાણંદના ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલે સંસ્થાને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, આ શૈક્ષણિક સંકુલ દ્વારા વિસ્તારના બાળકોના ઉજ્જવળ ભવિષ્યનો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે. શિક્ષણ સાથે સંસ્થાની આધ્યાત્મિક તાલીમ બાળકોમાં એકાગ્રતા વધારવા સાથે યોગ્ય સંસ્કારોનું સિંચન કરીને અદભૂત ક્ષમતાઓ વિકસાવે છે, જે તેમને સર્વાંગી વિકાસ સાધવા અને જીવનમાં આગળ વધવા માટે પથદર્શક સાબિત થાય છે એમ તેમણે ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે પૂજ્ય ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીના આશીર્વાદ સાથે અમદાવાદમાં ગોધાવી ખાતે હાલમાં કાર્યરત શૈક્ષણિક સંકુલ ઉપરાંત નવું નિર્માણ પામનાર આ નવું એજ્યુકેશન કેમ્પસ એક સર્વસમાવેશક શિક્ષણ પરિસર તરીકે વિકસિત થશે, જેમાં CBSE આધારિત અભ્યાસક્રમની સાથે ધ્યાન, પ્રાણાયામ અને મંત્રોચ્ચાર જેવી યોગિક પદ્ધતિઓ દ્વારા માનવ મૂલ્યોનું સંવર્ધન કરવામાં આવશે.

# 71માં રેલવે સપ્તાહ: અમદાવાદ મંડળે જીત્યા 7 કુશળતા શીલ્ડ
## પશ્ચિમ રેલવેની પ્રથમ જનસંપર્ક શીલ્ડ પણ અમદાવાદ મંડળના નામે

**અમદાવાદ, તા. 08**

પશ્ચિમ રેલવેના 71મા રેલ સપ્તાહ પુરસ્કાર સમારોહનું આયોજન 8 મે, 2026ના રોજ મુંબઈ સ્થિત યશવંતરાવ ચવ્હાણ ઓડિટોરિયમમાં કરવામાં આવ્યું હતું। આ પુરસ્કાર સમારોહ દર વર્ષે પશ્ચિમ રેલવેના અધિકારીઓ અને કર્મચારીઓની કઠિન મહેનત, સમર્પણ અને ઉત્કૃષ્ટ કાર્યનિષ્પાદનને સન્માનિત કરવા માટે યોજવામાં આવે છે। પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડેયએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે રેલ સપ્તાહ દરમિયાન વિવિધ શ્રેણીઓમાં મંડળો અને એકમોને કાર્યક્ષમતા શીલ્ડો એનાયત કરવામાં આવી, જેઓ વર્ષ 2025-26 દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર તરીકે પસંદ થયા હતા। પશ્ચિમ રેલવેએ ભારતીય રેલવેમાં ટ્રેનોની સમયપાલનક્ષમતા ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.

71મા રેલવે સપ્તાહ પુરસ્કાર સમારંભમાં અમદાવાદ મંડળે પોતાની કાર્યકુશળતા અને પ્રતિબદ્ધતાનો પરિચય આપતાં એક ઐતિહાસિક સિદ્ધિ નોંધાવી છે. મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ જણાવ્યું કે આ ગરિમાપૂર્ણ આયોજનમાં મંડળે વિવિધ શ્રેણીઓમાં કુલ 07 કુશળતા શીલ્ડ પોતાના નામે કરી, જે ફક્ત પરિચાલન કૌશલને જ દર્શાવતી નથી, પરંતુ પશ્ચિમ રેલવેની અંદર તેની શ્રેષ્ઠ કાર્ય સંસ્કૃતિને પણ પ્રમાણિત કરે છે. આ સફળતાની સૌથી વિશેષ કડી પશ્ચિમ રેલવેની પ્રથમ 'જનસંપર્ક શીલ્ડ' રહી, જેને જીતીને અમદાવાદ મંડળે જન-સંવાદ અને સૂચના પ્રસારણના ક્ષેત્રમાં એક નવું પરિમાણ સ્થાપિત કર્યું છે.

મંડળની આ બહુરૂપી સફળતામાં ટેકનિકલ અને પરિચાલન ક્ષેત્રોનું પણ વિશેષ યોગદાન રહ્યું. વિશેષરૂપે કાંકરિયા ડેપોને 'નમો ભારત' જેવી આધુનિક ટ્રેનોની શ્રેષ્ઠ જાળવણી માટે 'મિકેનિકલ બેસ્ટ મેન્ટેઈન્ડ (મેલ/એક્સપ્રેસ) ટ્રૉફી' થી સન્માનિત કરવામાં આવ્યું. આ જ રીતે, પાલનપુર રનિંગ રૂમને તેના ઉચ્ચ સ્તરના સ્વચ્છતા પરિમાણો અને રેલવે કર્મચારીઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવેલ શ્રેષ્ઠ સુવિધાઓ માટે 'બેસ્ટ મેન્ટેઈન્ડ રનિંગ રૂમ શીલ્ડ' આપવામાં આવી. મંડળની સામૂહિક કાર્યક્ષમતાનું પ્રદર્શન એ પુરસ્કારોમાં પણ દેખાયું જે અન્ય મંડળો સાથે શેર કર્યા. સિવિલ એન્જિનિયરીંગ શીલ્ડને વડોદરા મંડળ સાથે, જ્યારે રોલિંગ સ્ટૉક શીલ્ડને મુંબઈ સેન્ટ્રલ મંડળ સાથે શેર કરવામાં આવ્યા. પરિચાલન અને માલ લોડિંગના ક્ષેત્રમાં પોતાની પકડ મજબૂત રાખતાં અમદાવાદ મંડળે 'ઑપરેટિંગ શીલ્ડ' અને 'બેસ્ટ લોડિંગ એફર્ટ શીલ્ડ' ને રતલામ મંડળ સાથે સંયુક્તરૂપે પ્રાપ્ત કર્યા. આ ઉપરાંત, મૂળભૂત માળખાના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતાં 'સર્વે અને કન્સ્ટ્રક્શન શીલ્ડ' ને ઉપ મુખ્ય એન્જિનિયર-I (બાંધકામ), અમદાવાદ દ્વારા રતલામની સાથે શેરીંગ ધોરણે પ્રાપ્ત કર્યુ, જે મંડળના વિસ્તારવાદી દ્રષ્ટિકોણ અને ટીમ વર્કની ભાવનાને મજબૂત કરે છે. આ ગૌરવશાળી અવસર પર મંડળ રેલવે મેનેજર અપર મંડળ રેલવે મેનેજર શ્રીમતી મંજૂ મીણા એ આ સફળતાનો શ્રેય સમગ્ર ટીમના સામૂહિક પ્રયત્નો અને સમર્પણને આપ્યો. તેમણે રેખાંકિત કર્યું કે અમદાવાદ મંડળનો પ્રાથમિક ધ્યેય હંમેશા યાત્રી સુરક્ષાને સર્વોપરિ રાખવાનો અને યાત્રા અનુભવને સુખદ બનાવવા માટે ઉચ્ચ સ્તરની સુવિધાઓ સુનિશ્ચિત કરવાનો છે. તેમણે તમામ અધિકારીઓ ને કર્મચારીઓને આ સફળતા માટે અભિનંદન આપતાં ભવિષ્યમાં પણ કાર્ય અમલીકરણ માટે ઉચ્ચ પરિમાણોને જાળવી રાખવાનો આહ્વાન કર્યું.

# થેલેસેમિયા મુક્ત ગુજરાતનો અમદાવાદ સિવિલ હોસ્પિટલનો સંકલ્પ

## થેલેસેમિયા મુક્ત સમાજના નિર્માણ માટે જનજાગૃતિ સહીત સિવિલ હોસ્પિટલમાં ચાલતી વિવિધ કામગીરી અને અનેક પહેલોને બિરદાવતા આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયા

**ગાંધીનગર, તા. 08**

દર વર્ષે ૮ મેના રોજ વિશ્વભરમાં થેલેસેમિયા દિવસની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૬ માટેની થીમ 'Hidden No More: Finding the Undiagnosed. Supporting the Unseen' રાખવામાં આવી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય એક પણ દર્દી નિદાન વગર ન રહે અને તમામ જરૂરિયાતમંદોને યોગ્ય તબીબી સહાય મળે તે સુનિશ્ચિત કરવાનો છે.

આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, 'રાજ્ય સરકાર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ 'થેલેસેમિયા મુક્ત ગુજરાત'ના સંકલ્પ સાથે આગળ વધી રહી છે. સિવિલ હોસ્પિટલ જેવી સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી આધુનિક સારવાર અને જાગૃતિ અભિયાન આ દિશામાં મહત્વનું યોગદાન આપી રહ્યા છે.ગુજરાત સરકારના 'થેલેસેમિયા મુક્ત ગુજરાત'ના સંકલ્પને સાકાર કરવામાં અમદાવાદની સિવિલ હોસ્પિટલ એક આશાનું કિરણ બનીને ઉભરી છે.

સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોશીએ આ અંગે જણાવ્યું હતું કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને બી.જે. મેડિકલ કોલેજ દ્વારા થેલેસેમિયા પીડિત બાળકોને સર્વાંગી અને સંપૂર્ણ નિ:શુલ્ક સારવાર આપવામાં આવે છે. ખાસ કરીને ગુજરાતમાં લ્યુકો-ડિપ્લિટેડ બ્લડ ટ્રાન્સફ્યુઝન અને ચેલેશન થેરાપી જેવી અદ્યતન સેવાઓ શરૂ કરવામાં સિવિલ હોસ્પિટલ અગ્રેસર રહી છે.

પીડિયાટ્રીક વિભાગના વડા ડો. જોલી વૈષ્ણવના જણાવ્યા મુજબ, થેલેસેમિયા એ એક વારસાગત રક્તરોગ છે. જેમાં શરીર પૂરતું હિમોગ્લોબિન બનાવી શકતું નથી. હાલમાં સિવિલ હોસ્પિટલમાં દર મંગળવાર અને ગુરુવારે આશરે ૮૧ જેટલા બાળકોને લોહી ચઢાવવાની (Blood Transfusion) સેવા આપવામાં આવે છે. દર્દીઓની સુરક્ષા માટે અહીં 'લ્યુકો-ડિપ્લિટેડ પેક્ડ સેલ વોલ્યુમ' આપવામાં આવે છે, જેથી લોહી ચઢાવ્યા પછી થતા તાવ જેવી આડઅસરોને અટકાવી શકાય.. સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોશીએ આ અંગે જણાવ્યું હતું કે, અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને બી.જે. મેડિકલ કોલેજ દ્વારા થેલેસેમિયા પીડિત બાળકોને સર્વાંગી અને સંપૂર્ણ નિ:શુલ્ક સારવાર આપવામાં આવે છે. ખાસ કરીને ગુજરાતમાં લ્યુકો-ડિપ્લિટેડ બ્લડ ટ્રાન્સફ્યુઝન અને ચેલેશન થેરાપી જેવી અદ્યતન સેવાઓ શરૂ કરવામાં સિવિલ હોસ્પિટલ અગ્રેસર રહી છે. પીડિયાટ્રીક વિભાગના વડા ડો. જોલી વૈષ્ણવના જણાવ્યા મુજબ, થેલેસેમિયા એ એક વારસાગત રક્તરોગ છે. જેમાં શરીર પૂરતું હિમોગ્લોબિન બનાવી શકતું નથી. હાલમાં સિવિલ હોસ્પિટલમાં દર મંગળવાર અને ગુરુવારે આશરે ૮૧ જેટલા બાળકોને લોહી ચઢાવવાની (Blood Transfusion) સેવા આપવામાં આવે છે. દર્દીઓની સુરક્ષા માટે અહીં 'લ્યુકો-ડિપ્લિટેડ પેક્ડ સેલ વોલ્યુમ' આપવામાં આવે છે, જેથી લોહી ચઢાવ્યા પછી થતા તાવ જેવી આડઅસરોને અટકાવી શકાય.

નિદાન અને સારવારની સુવિધાઓ

સિવિલ હોસ્પિટલ ખાતે માત્ર લોહી ચઢાવવાની જ નહીં, પરંતુ લાંબા ગાળાની અસરોને રોકવા માટે અનેક સુવિધાઓ ઉપલબ્ધ છે:

અદ્યતન તપાસ: બાળક અને પરિવારના સભ્યો માટે HPLC જેવી ટેસ્ટ દ્વારા ચોક્કસ નિદાન.

નિયમિત મોનીટરીંગ: સીરમ ફેરીટિન ટેસ્ટ, 2D ઈકો કાર્ડિયોગ્રાફી, અને આંખ-કાનની તપાસ.

નિ:શુલ્ક દવાઓ: શરીરમાં વધતા આયર્નને નિયંત્રિત કરવા માટે Deferasirox અને Deferiprone જેવી દવાઓનું વિનામૂલ્યે વિતરણ.

બોન મેરો ટ્રાન્સપ્લાન્ટ: કાયમી સારવાર માટે BMT અંગે નિષ્ણાત કાઉન્સેલિંગ અને માર્ગદર્શન.

જાગૃતિ અભિયાન અને નિવારણ

આ વર્ષે સિવિલ હોસ્પિટલ બ્લડ બેંક દ્વારા એક વિશેષ પહેલ કરવામાં આવી છે. આઈએચબીટી વિભાગના વડા ડો. નિધિ ભટનાગરના જણાવ્યા મુજબ, અંદાજે ૫૦૦૦ જેટલા આરોગ્ય કર્મચારીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવશે જેથી તેઓ સમાજમાં વધુ સારી રીતે જાગૃતિ લાવી શકે.

થેલેસેમિયાથી બચવાના મુખ્ય ઉપાયો:

- લગ્ન પહેલાં યુવક-યુવતીએ થેલેસેમિયા ટેસ્ટ કરાવવો.
- HPLC ટેસ્ટ દ્વારા કેરિયર સ્ક્રીનિંગ કરાવવું.
- ગર્ભાવસ્થા દરમિયાન ડોક્ટરની સલાહ મુજબ જરૂરી તપાસ કરાવી.
- પરિવારના અન્ય સભ્યોનું પણ સ્ક્રીનિંગ કરાવવું.

થેલેસેમિયા કોઈ ચેપી રોગ નથી, પરંતુ તે પેઢી દર પેઢી ઉતરતો રોગ છે.

જો લગ્ન પહેલાં માત્ર એક ટેસ્ટ કરાવવામાં આવે, તો આવનારી પેઢીને આ ગંભીર બીમારીથી બચાવી શકાય છે. 'જાગૃતિ એ જ બચાવ'ના મંત્ર સાથે સિવિલ હોસ્પિટલ આજે સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહી છે.





# IPL ખેલાડીઓ પર 'હનીટ્રેપ'નો ખતરો : ખેલાડીઓના હોટેલ રૂમમાં બહારના લોકોને નો-એન્ટ્રી; માલિકો પર પણ રહેશે નજર

**IPL માં ફિક્સિંગ અને ભ્રષ્ટાચાર રોકવા માટે 'પ્લેયર્સ એન્ડ મેચ ઓફિશિયલ્સ એરિયા' (PMOA) બનાવવામાં આવે છે. તેમાં ડ્રેસિંગ રૂમ, ડગઆઉટ અને મેચ સંબંધિત ખાસ વિસ્તારોનો સમાવેશ થાય છે. રાજસ્થાન રોયલ્સના ટીમ મેનેજર રોમી ભીંડર 10 એપ્રિલે ગુવાહાટીમાં RCB સામેની મેચ દરમિયાન ડગઆઉટની અંદર મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા જોવા મળ્યા હતા**

**દિલ્હી, તા.8**

IPL માં હની ટ્રેપ, ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફની સુરક્ષાને લઈને BCCI એ કડક નિયમો લાગુ કર્યા છે. બોર્ડે આ જોખમોથી બચાવવા માટે ખેલાડીઓના હોટેલ રૂમ, બસ અને ડગઆઉટમાં પરવાનગી વગર બહારના લોકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. ફ્રેન્ચાઈઝી માલિકો પર પણ દેખરેખ વધારી દેવામાં આવી છે. BCCI ની એન્ટી કરપ્શન એન્ડ સિક્યુરિટી યુનિટ (ACSU) ના રિપોર્ટ અનુસાર, ઘણી મેચો દરમિયાન ટીમના ડગઆઉટ, હોટેલ અને ટીમ બસમાં એવા લોકો જોવા મળ્યા હતા, જેમને ત્યાં રહેવાની પરવાનગી ન હતી. આ પ્રોટોકોલ ઉલ્લંઘનનો મામલો છે.

મહેમાનોને મેનેજરની લેખિત મંજૂરી જરૂરી રહેશે

BCCI સચિવ દેવજીત સૈકિયાએ તમામ ફ્રેન્ચાઈઝીઓને મોકલેલા નિર્દેશમાં જણાવ્યું હતું કે હવે કોઈપણ ખેલાડી કે સ્ટાફના રૂમમાં કોઈ મહેમાન ટીમ મેનેજરની લેખિત મંજૂરી પછી જ પ્રવેશ કરી શકશે. ખેલાડીઓ અને સ્ટાફને અનિયમિત સમયે હોટલમાંથી બહાર જવાથી પણ રોકવામાં આવ્યા છે. જો બહાર જવું જરૂરી હોય, તો સિક્યોરિટી લાયઝન ઓફિસર અને ટીમ ઈન્ટિગ્રિટી ઓફિસરને અગાઉથી જાણ કરવી પડશે.

મેચ દરમિયાન માલિકોની એન્ટ્રી મર્યાદિત

BCCIએ એમ પણ કહ્યું છે કે મેચ દરમિયાન ફ્રેન્ચાઈઝી માલિકો, ખેલાડીઓ કે ટીમ સ્ટાફ સાથે સીધો સંપર્ક કરી શકશે નહીં. ડ્રેસિંગ રૂમ, ડગઆઉટ કે મેદાનમાં જઈને વાતચીત કરવી પણ નિયમો વિરુદ્ધ હશે.

વેપિંગ અને ઈ-સિગારેટ પર સંપૂર્ણ પ્રતિબંધ

IPL 2026 માં વેપિંગના કિસ્સાઓ પણ સામે આવ્યા છે. આ મામલે રાજસ્થાન રોયલ્સના કેપ્ટન રિયાન પરાગ પર દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. પંજાબ કિંગ્સના યુઝવેન્દ્ર ચહલનો એક વીડિયો પણ વાયરલ થયો હતો. ચહલે તેની પુષ્ટિ કે ખંડન કર્યું નથી. બોર્ડે આ બધા પછી IPL સંબંધિત તમામ સ્થળો જેમ કે ડ્રેસિંગ રૂમ, હોટેલ અને પ્રેક્ટિસ એરિયામાં વેપિંગ અને ઈ-સિગારેટના ઉપયોગ પર પણ કડક પ્રતિબંધ મૂક્યો છે. જણાવી દઈએ કે વેપિંગ અને ઈ-સિગારેટ ભારતીય કાયદા હેઠળ પહેલેથી જ પ્રતિબંધિત છે.

દંડ અથવા સસ્પેન્શન શક્ય

BCCI એ ફ્રેન્ચાઈઝી અને ખેલાડીઓને ચેતવણી આપી છે કે આ નિયમોનું ઉલ્લંઘન કરવા પર દંડ, સસ્પેન્શન અથવા ડિસ્ક્વોલિફિકેશનની કાર્યવાહી થઈ શકે છે.

PMOA પ્રોટોકોલ શું છે?

IPL માં ફિક્સિંગ અને ભ્રષ્ટાચાર રોકવા માટે 'પ્લેયર્સ એન્ડ મેચ ઓફિશિયલ્સ એરિયા' (PMOA) બનાવવામાં આવે છે. તેમાં ડ્રેસિંગ રૂમ, ડગઆઉટ અને મેચ સંબંધિત ખાસ વિસ્તારોનો સમાવેશ થાય છે. રાજસ્થાન રોયલ્સના ટીમ મેનેજર રોમી ભીંડર 10 એપ્રિલે ગુવાહાટીમાં RCB સામેની મેચ દરમિયાન ડગઆઉટની અંદર મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા જોવા મળ્યા હતા.

સુરક્ષાને લઈને પહેલા પણ કડક નિયમો રહ્યા છે

BCCI IPL ને લઈને હંમેશા સંવેદનશીલ રહ્યું છે. 2013ના સ્પોટ ફિક્સિંગ કેસ પછી એન્ટી-કરપ્શન યુનિટની ભૂમિકા વધી ગઈ છે. દરેક ટીમ સાથે એક સમર્પિત ACSU અધિકારી તૈનાત રહે છે, જે ખેલાડીઓની ગતિવિધિઓ અને તેમને મળતા લોકો પર નજર રાખે છે. વર્તમાન રિપોર્ટ જણાવે છે કે આ વખતે મોનિટરિંગ સિસ્ટમમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ થયો.

## લખનઉ સતત છ હાર બાદ જીતી : બેંગલુરુને 9 રનથી હરાવ્યું; પ્રિન્સ યાદવની 3 વિકેટ, મિચેલ માર્શની સેન્ચૂરી કામ લાગી

**દિલ્હી, તા.8**

લખનઉ સુપર જાયન્ટ્સે IPLમાં સતત 6 હાર બાદ આખરે જીત મેળવી છે. લખનઉએ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 9 રનથી હરાવ્યું છે. ઈકાના સ્ટેડિયમમાં ગુરુવારે વરસાદના કારણે મેચ 19-19 ઓવરની રમાઈ હતી. ટૉસ હારીને પ્રથમ બેટિંગ કરતા લખનઉએ નિર્ધારિત ઓવરમાં 3 વિકેટે 209 રન બનાવ્યા હતા. DLS પદ્ધતિ મુજબ ટાર્ગેટ સુધારીને 213 રન કરવામાં આવ્યો હતો. જવાબમાં બેંગલુરુની ટીમ 6 વિકેટે 203 રન જ બનાવી શકી હતી. લખનઉ તરફથી ઓપનિંગમાં આવેલા મિચેલ માર્શે 111 રનની શાનદાર સેન્ચૂરી ઈનિંગ રમી હતી. તેણે પોતાની ઈનિંગમાં 9 ચોગ્ગા અને 9 છગ્ગા ફટકાર્યા હતા. નિકોલસ પૂરને 38 રન અને કેપ્ટન રિષભ પંતે અણનમ 32 રનનું યોગદાન આપ્યું હતું.

## લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલની મુર્ખામી, ફ્લાઈટમાં ઈ-સિગારેટ પીતા ઝડપાયો!,

■ **હવામાં નિયમોનો ધુમાડો ઉડાવો મોંઘો પડશે, 'નો ફ્લાય લિસ્ટ'નું જોખમ; અગાઉ પરાગનો વારો પડી ગયો હતો**



**દિલ્હી, તા.8**

પંજાબ કિંગ્સના અનુભવી લેગ સ્પિનર યુઝવેન્દ્ર ચહલ એક નવા વિવાદમાં ફસાયો છે. સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા એક વીડિયોમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે હૈદરાબાદની ટૂર દરમિયાન તે ફ્લાઈટની અંદર ઈ-સિગારેટ (વેપ) પી રહ્યો હતો. વીડિયોમાં ચહલ તે ને છુપાવવાનો પ્રયાસ કરતો પણ જોવા મળે છે. જોકે, આ વાયરલ વીડિ યો ની પ્રામાણિકતાની હજુ સુધી સત્તાવાર પુષ્ટિ થઈ નથી. કેટલાક અહેવાલોમાં લખવામાં આવ્યું છે કે પંજાબ કિંગ્સે ટીમના ટૂરનો વીડિયો પોસ્ટ કર્યો હતો, જેમાં ચહલના ઈ-સિગારેટ પીવાનો ભા ગ હતો. સોશિયલ મીડિયામાં વા ઈરલ થયા બાદ પંજાબે આ વીડિયો ડિલીટ કરી દીધો છે. IPLની વર્તમાન સિઝ નમાં ઈ-સિગારેટ સાથે જોડાયેલો આ બી જો વિવાદ છે. ચહલ પહેલા 28 એ પ્રિલે રાજસ્થાન રોયલ્સના કેપ્ટન રિયાન પરાગ પંજાબ સામેની મેચ દરમિયાન મુલ્લાંપુર સ્ટેડિયમના ડ્રેસિંગ રૂમમાં વેપિંગ કરતા જોવા મળ્યો હતો. ડ્રેસિંગ રૂમમાં ઈ-સિગારેટ પીવાનો વીડિયો સામે આવ્યા બાદ BCCI એ રિયાન પરાગ પર મેચ ફીના 25% નો દંડ લગાવવામાં આવ્યો હતો. તેને IPLના કોડ ઓફ કંડક્ટના ઉલ્લંઘન માટે દોષિત ઠેરવવામાં આવ્યો છે. ફ્લાઈટમાં સિગારેટ કે ઈ-સિગારેટ પીવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આનાથી વિમાનમાં આગ લાગી શકે છે અને હજારો મુસાફરોનો જીવ જોખમમાં મુકાઈ શકે છે.

## હાર્દિકની મુંબઈ ઈન્ડિયન્સમાં વાપસી : RCB મેચ પહેલા રાયપુર પહોંચ્યો કેપ્ટન

**રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં શુક્રવારે મુંબઈ ઈન્ડિયન્સનું ટ્રેનિંગ સેશન હશે**

**દિલ્હી, તા.8**



મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન હાર્દિક પંડ્યા ઈજા બાદ રાયપુર પહોંચી ગયો છે. તે રવિવારે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) સામેની મહત્વપૂર્ણ મેચ માટે ટીમ સાથે જોડાઈ ગયો છે. હાર્દિક સોમવારે લખનઉ સુપર જાયન્ટ્સ (LSG) સામે રમાયેલી છેલ્લી મેચમાં રમ્યો ન હતો. તેની ગેરહાજરીમાં સૂર્યકુમારે ટીમની કપ્તાની સંભાળી હતી. સૂર્યા પણ બાળકના જન્મના કારણે મુંબઈમાં છે અને રાયપુર પહોંચ્યો નથી. મુંબઈ ઈન્ડિયન્સે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર હાર્દિકનો ફોટો શેર કરીને તેના રાયપુર પહોંચવાની જાણકારી આપી. હાર્દિક પંડ્યાને ગયા અઠવાડિયે અચાનક પીઠમાં ખેંચાણની સમસ્યા થઈ હતી. ત્યારબાદ મેડિકલ ટીમે તેને આરામ કરવાની સલાહ આપી હતી. જોકે, ઈજા ગંભીર ન હતી. સાવચેતીના ભાગરૂપે તેમને લખનઉ સામેની મેચમાંથી બહાર રાખવામાં આવ્યો હતો, જેથી તે બાકીની મેચો માટે ફિટ રહી શકે. હવે તેઓ સંપૂર્ણપણે સ્વસ્થ થઈ ગયો છે. રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં શુક્રવારે મુંબઈ ઈન્ડિયન્સનું ટ્રેનિંગ સેશન હશે.

## 'ઉરી' ફેમ રીવા અરોરા સાથે ગેરવર્તન

**ડિલિવરી બોયે ઘરે ગાળો આપી, મામલો વકરતાં પોલીસ બોલાવવી પડી; એક્ટ્રેસે કંપનીની જવાબદારી પર પ્રશ્નો ઉઠાવ્યા**

**મુંબઈ, તા.8**

'ઉરી: ધ સર્જિકલ સ્ટ્રાઈક' ફેમ એક્ટ્રેસ રીવા અરોરાએ પોતાની સાથે બનેલી એક ભયાનક ઘટનાનો ખુલાસો કર્યો છે. રીવાએ જણાવ્યું કે, 10 દિવસ પહેલા એક ઓનલાઈન ડિલિવરી એજન્ટે તેની અને તેના પરિવાર સાથે ગેરવર્તન કર્યું અને ગાળો આપી. મામલો એટલો વધી ગયો કે વચ્ચે બચાવ માટે મુંબઈ પોલીસને બોલાવવી પડી. એક્ટ્રેસે હવે આ આખી ઘટનાને સાર્વજનિક કરતા કંપનીની જવાબદારી પર પ્રશ્નો ઉઠાવ્યા છે. ડોરસ્ટેપથી શરૂ થયો વિવાદ આ ઘટના 26 એપ્રિલની બપોરે લગભગ 3:30 વાગ્યાની છે. રીવાએ જણાવ્યું કે, 'જ્યારે બ્લિંકિટનો ડિલિવરી એજન્ટ ઓર્ડર લઈને પહોંચ્યો, ત્યારે શરૂઆતથી જ તેનું વર્તન બરાબર નહોતું. તેનો ટોન ખૂબ જ રૂડ અને અયોગ્ય હતો.' રીવાએ આગળ કહ્યું, 'જ્યારે મેં જવાબ આપ્યો, ત્યારે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ. મારી માતા (નિશા અરોરા) એ દખલગીરી કરી અને શાંતિથી મામલો ઉકેલવાનો પ્રયાસ કર્યો, પરંતુ ડિલિવરી એજન્ટ સતત ગેરવર્તન કરતો રહ્યો.' રીવાએ આરોપ લગાવ્યો કે, ડિલિવરી એજન્ટનો ગુસ્સો ઘરના દરવાજે જ શાંત ન થયો. જ્યારે તે ત્યાંથી જઈ રહ્યો હતો, ત્યારે લિફ્ટમાં રીવાની બહેનને તે ફરીથી મળ્યો. રીવાએ જણાવ્યું, 'ના પાડવા છતાં તે સતત ગંદી અને અશ્લીલ ભાષાનો ઉપયોગ કરી રહ્યો હતો.' 'અમને લાગ્યું કે તેણે હદ વટાવી દીધી છે. કોઈ પણ ઉશ્કેરણી વિના અમારા પ્રત્યે અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો. આ ફક્ત એક જ વારની વાત ન હતી, તે વારંવાર આવું જ બોલી રહ્યો હતો.' પોલીસે કાર્યવાહી કરી જ્યારે એજન્ટે પરિસર છોડવાનો પ્રયાસ કર્યો, ત્યારે રીવા અને તેનો પરિવાર તેની પાછળ નીચે સુધી ગયો અને તેને જવાથી રોક્યો. રીવાએ તરત જ મુંબઈ પોલીસને ફોન કર્યો. એક્ટ્રેસે પોલીસની પ્રશંસા કરતા કહ્યું, 'પોલીસે ખૂબ જ ઝડપથી પ્રતિસાદ આપ્યો અને તરત જ ઘટનાસ્થળે પહોંચીને કાર્યવાહી કરી. તે સમયે પોલીસે મામલો સંભાળી લીધો હતો અને હવે તે કાનૂની માધ્યમો દ્વારા આગળ વધી રહ્યો છે.' રીવા અરોરાએ વિકી કૌશલની ફિલ્મ 'ઉરી: ધ સર્જિકલ સ્ટ્રાઈક'માં પોતાની એક્ટિંગથી ઓળખ બનાવી હતી. આ ઉપરાંત, તે સલમાન ખાનની 'ભારત' અને જ્હાનવી કપૂરની 'ગુંજન સક્સેના: ધ કારગિલ ગર્લ' જેવી મોટી ફિલ્મોમાં પણ મહત્ત્વની ભૂમિકાઓ ભજવી ચૂકી છે. સોશિયલ મીડિયા પર પણ તેની મોટી ફેન ફોલોઈંગ છે.



**પોલીસે કાર્યવાહી કરી જ્યારે એજન્ટે પરિસર છોડવાનો પ્રયાસ કર્યો, ત્યારે રીવા અને તેનો પરિવાર તેની પાછળ નીચે સુધી ગયો અને તેને જવાથી રોક્યો**

## મ્યુઝિક બાદ કિંગનું 'લુક્ખે'થી એક્ટિંગમાં ડેબ્યૂ : રેપરે કહ્યું, 'બદનામ થઈને લોકો નામ કમાય છે'; પલકે કહ્યું- 'વેબ સિરીઝની સ્ક્રિપ્ટ વાંચીને રડી પડી હતી'



**મુંબઈ, તા.8**

રેપર અને સિંગર 'કિંગ' એટલે કે અર્પણ કુમાર ચંદેલ હવે એક્ટિંગની દુનિયામાં પગ મૂકવા જઈ રહ્યો છે. તે વેબ સિરીઝ 'લુક્ખે'થી પોતાનું એક્ટિંગ ડેબ્યૂ કરી રહ્યો છે, જેમાં તેની સાથે પલક તિવારી પણ જોવા મળશે. આ સિરીઝ એમેઝોન પ્રાઈમ વીડિયો પર સ્ટ્રીમ થઈ ચૂકી છે. ખાસ વાતચીતમાં બંને કલાકારોએ પોતાના પાત્ર, ઓડિશન, મિત્રતા, યુવાનો પર ડ્રગ્સની અસર, સોશિયલ મીડિયા અને AI જેવા મુદ્દાઓ પર ખુલીને વાત કરી. પ્રિન્સે જ્યાં પોતાના પાત્ર 'બદનામ'ની વિચારસરણી સમજાવી, ત્યાં પલકે 'સનોબર'ના ભાવનાત્મક પ્રવાસ સાથે જોડાયેલી રસપ્રદ વાતો શેર કરી.

'લુક્ખે' વેબ સિરીઝમાં સાઉથ સ્ટાર રાશિ ખન્ના, પલક તિવારી, કિંગ ઉપરાંત કરીના અને કરિશ્મા માતા બબિતા કપૂર પણ મહત્ત્વની ભૂમિકામાં છે.

પ્રશ્ન: જ્યારે તમને 'લુક્ખે' ટાઈટલ વિશે જાણ થઈ ત્યારે પહેલું રિએક્શન શું હતું?

પ્રિન્સ: મને પહેલા ટાઈટલ નહીં, વાર્તા સંભળાવવામાં આવી હતી. વાર્તા એટલી દમદાર લાગી કે, ત્યારે જ નક્કી કરી લીધું હતું કે આ પ્રોજેક્ટ કરવો છે. પછી જ્યારે 'લુક્ખે' નામ સાંભળ્યું, ત્યારે લાગ્યું કે આ ટાઈટલ વાર્તા પર બિલકુલ ફિટ બેસે છે.

પ્રશ્ન: વાર્તામાં એવી કઈ વાત હતી, જેણે તમને સૌથી વધુ પ્રભાવિત કર્યા?

પ્રિન્સ: વાર્તા ધીમે ધીમે ખુલે છે. એમાં એવા પાત્રો છે, જે બદનામ થઈને નામ કમાય છે. એ જ વસ્તુ મને સૌથી વધુ રસપ્રદ લાગી.

પ્રશ્ન: પલક, તમને 'લુક્ખે' કેવી રીતે મળી?

પલક તિવારી: પહેલા મને ઓડિશનની સ્ક્રિપ્ટ મળી. એમાં બે સીન હતા અને તેને વાંચીને હું રડી પડી.

## કપૂર ખાનદાનની 17મી વ્યક્તિનું બોલિવૂડમાં ડેબ્યૂ

**રિદ્ધિમા કપૂરે 45ની ઉંમરે 'દાદી કી શાદી'થી ફિલ્મમાં ઝંપલાવ્યું; આમિરે રણબીર કપૂર કરતાં ચડિયાતી ગણાવી**

**મુંબઈ, તા.8**

છેલ્લા 90 વર્ષથી વધુ સમયથી કપૂર ખાનદાન સતત હિન્દી સિનેમામાં તેમનું મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યુ છે. પૃથ્વીરાજ કપૂરથી શરૂ થયેલી આ લેગેસીને હવે તેમના ખાનદાનની 17મી વ્યક્તિ, એટલે કે રિદ્ધિમા કપૂર આગળ વધારવા તૈયાર છે. દિવંગત એક્ટર રિશી કપૂર અને પીઢ એક્ટ્રેસ નીતુ કપૂરની દીકરી રિદ્ધિમા કપૂરે 'દાદી કી શાદી' ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું છે. 'દાદી કી શાદી'માં રિદ્ધિમા માતા નીતુ સિંહ અને કોમેડિયન કપિલ શર્મા સાથે સ્ક્રીન શેર કરશે. રિદ્ધિમાં કપૂર ખાનદાનની 17મી વ્યક્તિ હોવા ઉપરાંત સૌથી મોટી ઉંમરે એટલે કે 45 વર્ષની ઉંમરે ડેબ્યૂ કરનારી પહેલી વ્યક્તિ બની ગઈ છે. તેની ફિલ્મ આજે, 8 મે 2026ના રોજ રિલીઝ થઈ છે. તાજેતરમાં 'દાદી કી શાદી'નું સ્પેશિયલ સ્ક્રીનિંગ યોજાયું હતું. તેમાં



આમિર ખાન પણ સામેલ થયો હતો. ફિલ્મ જોયા બાદ આમિરે સ્ટારકાસ્ટના ખૂબ વખાણ કર્યા હતા. આમિરે કહ્યું હતું કે, ''દાદી કી શાદી' 8 મેના રોજ રિલીઝ થઈ રહી છે. આ એક ખૂબ જ સુંદર ફેમિલી ફિલ્મ છે. તેમાં ભાવનાઓ અને હ્યુમરનું સારું મિશ્રણ છે. આ ફિલ્મ તમને હસાવશે પણ અને તમારા હૃદયને સ્પર્શી પણ જશે.' આમિરે ખાસ કરીને રિદ્ધિમાના કામની પ્રશંસા કરી અને રણબીર કપૂરનો ઉલ્લેખ કરતા રમુજી અંદાજમાં કહ્યું કે, 'રિદ્ધિમાએ રણબીર કરતાં પણ સારું કામ કર્યું છે.' આમિરે કપિલ શર્માના કામને પણ 'લાજવાબ' ગણાવ્યું અને નીતુ કપૂર તથા શરતકુમારના પર્ફોર્મન્સની પણ પ્રશંસા કરી.

આમિરની બહેન નિખત ખાન પણ આ ફિલ્મમાં એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. તેણે જ ફિલ્મની ટીમ માટે પોતાના ઘરે સ્ક્રીનિંગ અને ડિનરનું આયોજન કર્યું હતું. આ ખાસ અવસરે નીતુ કપૂર, કપિલ શર્મા, સાદિયા ખતીબ, રિદ્ધિમા કપૂર સાહની અને ડિરેક્ટર આશિષ આર મોહન સહિત ફિલ્મની આખી ટીમ હાજર હતી. સ્ક્રીનિંગ પછી બધાએ સાથે ડિનર કર્યું. અત્યારસુધી પૃથ્વીરાજ કપૂરના વારસાને તેમના દીકરા અને પૌત્રોએ આગળ વધાર્યો હતો, પણ ત્યારબાદ કપૂર પરિવારની દીકરીઓ કરિશ્મા કપૂર અને કરીના કપૂરે આ લેગેસીને આગળ વધારી.

## રિશી કપૂરના નિધન, માનસિક રીતે ભાંગી પડ્યા

■ **દારૂ પીધા વિના નીતુ કપૂર ઊંઘી નહોતા શકતા: લોકોના ટ્રોલ કર્યા બાદ ખૂબ દુઃખી થયા**




**મુંબઈ, તા.8**

એક્ટ્રેસ નીતુ કપૂરે તાજેતરમાં પતિ રિશી કપૂરના નિધન પછીના મુશ્કેલ સમય વિશે ખુલીને વાત કરી હતી. સોહા અલી ખાનના યૂટ્યુબ શોમાં વાતચીત દરમિયાન નીતુએ જણાવ્યું કે 2020માં રિશી કપૂરના નિધન પછી તે માનસિક રીતે ભાંગી પડી હતી. તેમણે જણાવ્યું કે રિશી કપૂરના નિધન પછી તે ઘણા મહિનાઓ સુધી આખી રાત જાગતી રહેતી હતી. ઘણીવાર આખી રાત ઊંઘ આવતી ન હતી. ધીમે-ધીમે હાલત એવી થઈ ગઈ કે દારૂ પીધા વગર તેમને ઊંઘ આવતી ન હતી. શો દરમિયાન નીતુ કપૂર તેમની પુત્રી રિદ્ધિમા કપૂર સાહની સાથે હાજર હતી. વાતચીતમાં નીતુએ કહ્યું કે લોકો તેમને ખોટી રીતે સમજી રહ્યા હતા. જ્યારે તેમણે ટીવી શો અને ફિલ્મોમાં વાપસી કરી, ત્યારે સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ કહ્યું કે પતિના નિધન પછી તરત જ તે કામ પર પાછી ફરી. આ વાતથી તેમને ખૂબ દુઃખ થયું. નીતુએ કહ્યું કે લોકો તેમની મજબૂરી સમજી શક્યા નહીં. તે પોતાને સંભાળવાનો અને પીડામાંથી બહાર આવવાનો પ્રયાસ કરી રહી હતી. નીતુ કપૂરની નવી ફિલ્મ 'દાદી કી શાદી' 8 મેના રોજ રિલીઝ થઈ. આ ફિલ્મથી નીતુની દીકરી રિદ્ધિમાએ એક્ટિંગ ડેબ્યૂ કર્યું. નીતુ કપૂરની નવી ફિલ્મ 'દાદી કી શાદી' 8 મેના રોજ રિલીઝ થઈ. આ ફિલ્મથી નીતુની દીકરી રિદ્ધિમાએ એક્ટિંગ ડેબ્યૂ કર્યું.

## આ વર્ષે કિંમત ₹25 હજાર વધી, સોનું ₹9 ઘટીને ₹1.51 લાખ/10 ગ્રામ પર આવ્યું

# ચાંદી આજે 402 વધીને ₹2.55 લાખ પહોંચી

## હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદો

**નવી દિલ્હી, તા. 08**

ચાંદીના ભાવમાં નજીવો વધારો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદી 402 રૂપિયા વધીને 2,55,200 રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા ગુરુવારે તેની કિંમત 2,54,798 રૂપિયા પ્રતિ કિલો હતી. જ્યારે, 10 ગ્રામ 24 કેરેટ સોનું 9 રૂપિયા ઘટીને 1,51,140 રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા 7 મેના રોજ તેની કિંમત 1,51,149 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી.

અલગ-અલગ શહેરોમાં સોનાના ભાવ અલગ હોવાના 4 કારણો

ટ્રાન્સપોર્ટેશન અને સિક્યોરિટી: એક શહેરથી બીજા શહેરમાં સોનું લઈ જવામાં ઈંધણ અને સુરક્ષા ખર્ચ ઉમેરાય છે, જેના કારણે અંતર વધવા પર ભાવ વધે છે. ખરીદીનો જથ્થો: દક્ષિણ ભારતમાં વધુ વપરાશ (લગભગ 40%) ને કારણે જ્વેલર્સ મોટી ખરીદી કરે છે, પરંતુ ડિસ્કાઉન્ટનો લાભ મર્યાદિત રહે છે. સ્થાનિક જ્વેલરી એસોસિએશન: રાજ્ય અને શહેરના જ્વેલરી એસોસિએશન સ્થાનિક માંગ-પુરવઠાના આધારે ભાવ નક્કી કરે છે. જૂનો સ્ટોક અને ખરીદ કિંમત: જ્વેલર્સનો ખરીદીનો ભાવ નક્કી કરે છે કે તેઓ ગ્રાહકોને કેટલી કિંમતે વેચશે.

આ વર્ષે સોનું 18 હજાર અને ચાંદી 25 હજાર મોંઘી

આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 17,941 રૂપિયા અને ચાંદી 24,780 રૂપિયા મોંઘી થઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયા પર હતું, જે હવે 1.52 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.

જ્યારે, ચાંદી 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.55 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો ઓલટાઈમ હાઈ પણ બનાવ્યો હતો.

જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો

1. સર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ મુજબ અલગ-અલગ હોય છે.

અસલી ચાંદી ઓળખવાના 4 રસ્તા

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે.

આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ઝડપથી પીગળે છે.

સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવે છે.

ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળો નિશાન આવે તો અસલી છે.



# KPITના કો-ફાઉન્ડર રવિ પંડિતનું નિધન

**ઓટોમોટિવ સોફ્ટવેર ઇન્ડસ્ટ્રીના આર્કિટેક્ટમાં ગણાતા હતા, ગ્રીન હાઇડ્રોજન મિશનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી**

**પુણે, તા. 08**

ટેક કંપની કેપીઆઈટી (KPIT) ગ્રુપના ચેરમેન અને કો-ફાઉન્ડર રવિ પંડિતનું 72 વર્ષની વયે શુક્રવારે (8 મે) નિધન થયું. કંપનીએ એક નિવેદન જારી કરીને તેમના નિધનની જાણકારી આપી. જોકે, મૃત્યુના કારણોનો ખુલાસો કરવામાં આવ્યો નથી. રવિ પંડિતને ભારતના ઓટોમોટિવ સોફ્ટવેર અને મોબિલિટી ટેકનોલોજી ઈકોસિસ્ટમના શરૂઆતી આર્કિટેક્ટ્સમાંના એક ગણવામાં આવતા હતા. રવિ પંડિતે ત્રણ દાયકાથી વધુ સમય સુધી પુણે મુખ્યાલયવાળી કંપની KPIT નું નેતૃત્વ કર્યું. તેમના માર્ગદર્શન હેઠળ KPIT એક ઘરેલું આઈટી સર્વિસિસ કંપનીમાંથી બદલાઈને ગ્લોબલ ઓટોમોટિવ સોફ્ટવેર અને મોબિલિટી એન્જિનિયરિંગ ફર્મ બની. આજે આ કંપની અમેરિકા, યુરોપ અને એશિયાના વાહન નિર્માતાઓને પોતાની સેવાઓ આપી રહી છે.



પંડિતના નેતૃત્વમાં કંપનીએ સોફ્ટવેર-ડિફાઇન્ડ મોબિલિટી, ઈલેક્ટ્રિફિકેશન, ઓટોનોમસ ડ્રાઈવિંગ અને ક્લીન એનર્જી ટેકનોલોજી પર ધ્યાન કેન્દ્રિત કર્યું. વર્તમાનમાં KPIT નું ઓપરેશન દુનિયાના 15 દેશોમાં ફેલાયેલું છે. KPIT ઉપરાંત રવિ પંડિત 'કીર્તને એન્ડ પંડિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ' (KPCA) ના પણ ચેરમેન હતા.

## SBIનો નફો 5.5% વધીને ₹19,684 કરોડ : ચોથા ક્વાર્ટરમાં કુલ આવક ₹1.40 લાખ કરોડ રહી

### બેંક રોકાણકારોને શેર દીઠ ₹17.35 ડિવિડન્ડ આપશે

**મુંબઈ, તા. 08**

દેશની સૌથી મોટી સરકારી ધિરાણકર્તા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ને નાણાકીય વર્ષ 2025-26ના ચોથા ક્વાર્ટરમાં 19,684 કરોડ રૂપિયાનો સ્ટેન્ડઅલોન નફો થયો. વાર્ષિક ધોરણે આ 5.58% વધ્યો છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં SBI ને 18,642 કરોડનો નફો થયો હતો. જાન્યુઆરી-માર્ચ (Q4FY26) ક્વાર્ટરમાં સ્ટેટ બેંકની કુલ આવક 1.40 લાખ કરોડ રૂપિયા રહી. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં આ 1.44 લાખ કરોડ રૂપિયા હતી. વાર્ષિક ધોરણે આ 2.7% ઘટી છે. જ્યારે ચોથા ક્વાર્ટરમાં SBIની વ્યાજની કમાણી 1.23 લાખ કરોડ રૂપિયા રહી. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં આ 1.19 લાખ કરોડ રૂપિયા હતી. વાર્ષિક ધોરણે આ 3.36% વધી છે. ચોથા ક્વાર્ટર (Q4FY26) દરમિયાન બેંકનો સ્ટેન્ડઅલોન નેટ NPA એટલે કે નોન-પર્ફોર્મિંગ એસેટ 4.25% ઘટીને 18,830 કરોડ રૂપિયા રહ્યો છે. જાન્યુઆરી-માર્ચ 2025 દરમિયાન આ 19,666 કરોડ રૂપિયા હતો. પરિણામોની સાથે જ બેંકે તેના રોકાણકારો માટે શેર દીઠ 17.35 ડિવિડન્ડની પણ જાહેરાત કરી છે. આ ડિવિડન્ડ માટે રેકોર્ડ ડેટ 16 મે અને પે-આઉટ ડેટ 4 જૂન 2026 નક્કી કરવામાં આવી છે. કંપનીઓ તેમના નફાનો અમુક હિસ્સો તેમના




શેરધારકોને આપે છે, જેને ડિવિડન્ડ અથવા લાભાંશ કહેવાય છે. કંપનીઓના પરિણામો બે ભાગમાં આવે છે - સ્ટેન્ડઅલોન અને કન્સોલિડેટેડ. સ્ટેન્ડઅલોનમાં ફક્ત એક સેગમેન્ટ અથવા યુનિટનું નાણાકીય પ્રદર્શન દર્શાવવામાં આવે છે. જ્યારે, કન્સોલિડેટેડ અથવા સંકલિત નાણાકીય રિપોર્ટમાં સંપૂર્ણ કંપનીનો રિપોર્ટ આપવામાં આવે છે.

## ટાટા ટ્રસ્ટની મહત્વની બેઠક 16 મે સુધી ટળી

### ટાટા સન્સના લિસ્ટિંગ પર નિર્ણય લેવાનો હતો

**મુંબઈ, તા. 08**

ટાટા ટ્રસ્ટ્સની આજે 8 મેના રોજ યોજાનારી મહત્વપૂર્ણ બોર્ડ મીટિંગ હવે 16 મેના રોજ યોજાશે. ઈટીના એક અહેવાલ મુજબ, આંતરિક મતભેદોને કારણે આ બેઠક મુલતવી રાખવામાં આવી છે. આ બીજી વખત છે જ્યારે મીટિંગની તારીખ બદલવામાં આવી છે. અગાઉ આ મીટિંગ 12 મેના રોજ યોજાવાની હતી. વારંવાર તારીખો બદલાવાથી ટ્રસ્ટની અંદર ચાલી રહેલી ચર્ચાઓ અંગે અનિશ્ચિતતા વધી ગઈ છે. ગ્રુપના ભવિષ્ય અને ગવર્નન્સ સંબંધિત 4 મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે મીટિંગ બોલાવવામાં આવી હતી: ટાટા સન્સ બોર્ડમાં પ્રતિનિધિત્વ: બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય એ નક્કી કરવાનો હતો કે હોલ્ડિંગ કંપની ટાટા સન્સના બોર્ડમાં ટાટા ટ્રસ્ટ્સ તરફથી કોણ સામેલ થશે. રિપોર્ટ અનુસાર, વેણુ શ્રીનિવાસનની જગ્યાએ ભાસ્કર ભટને નોમિની ડિરેક્ટર બનાવવાનો વિચાર થવાનો હતો. ટાટા સન્સના લિસ્ટિંગ પર નિર્ણય: ગ્રુપમાં આ વાતને લઈને ચર્ચા ચાલી રહી છે કે શું ટાટા સન્સને શેરબજારમાં લિસ્ટ કરવું જોઈએ કે તેને પ્રાઈવેટ જ રાખવું જોઈએ. નોએલ ટાટા તેને પ્રાઈવેટ રાખવાના પક્ષમાં છે, જ્યારે કેટલાક ટ્રસ્ટીઓ લિસ્ટિંગના વિકલ્પ પર ચર્ચા કરવા માંગે છે. ગવર્નન્સ અને ઓનરશિપ સ્ટ્રક્ચર: ટાટા ટ્રસ્ટ્સની ટાટા સન્સમાં 66% હિસ્સેદારી છે. બેઠકમાં ટાટા ગ્રુપના ભવિષ્યના માલિકી હક અને કામકાજની પદ્ધતિઓની સમીક્ષા કરવાની હતી.

## એશિયા-આફ્રિકામાં ઈલેક્ટ્રિક વાહનોની માંગ વધી : ભારતમાં ટુ અને થ્રી વ્હીલર સેગમેન્ટમાં 25%નો ઉછાળો, ચીનમાં દર 10માંથી 1 કાર ઈવી

**જેક ઈવિંગ, તા. 08**

ઈરાન યુદ્ધ પછી પેટ્રોલ, ડીઝલ અને ગેસના ભાવમાં વધારાને કારણે ઘણા દેશોમાં ઈલેક્ટ્રિક વાહનો (EV)ની માંગ ઝડપથી વધી છે. એશિયાના મોટાભાગના દેશો, લેટિન અમેરિકા અને આફ્રિકામાં ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે માર્ચમાં EVના વેચાણમાં 79 ટકાનો ઉછાળો આવ્યો છે. આ દેશોમાં 2025માં ઈલેક્ટ્રિક કારનું વેચાણ 48 ટકા વધ્યું હતું. લેટિન અમેરિકન દેશ કોસ્ટા રિકા ઈલેક્ટ્રિક વાહનોના વ્યવસાયની ઝડપી ગતિનું એક મુખ્ય ઉદાહરણ છે. કોસ્ટા રિકામાં વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં તમામ નવી કારના વેચાણમાં ઈલેક્ટ્રિક વાહનોનો હિસ્સો 18 ટકા હતો. આ અમેરિકા કરતાં ત્રણ ગણું વધારે છે, જ્યાં ટેસ્લાએ 14 વર્ષ પહેલાં તેના મોડેલ-એસથી આધુનિક ઈલેક્ટ્રિક કાર ક્રાંતિની શરૂઆત કરી હતી. ઈથોપિયા, ઉરુગ્વે સહિતના ઘણા અન્ય દેશો તેમની અર્થવ્યવસ્થાઓ અને વિદેશી મુદ્રા ભંડાર માટે ભારે પડી રહેલા આયાતી વિદેશી તેલ પર નિર્ભરતા ઘટાડવા માટે ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપી રહ્યા છે.




આંતરરાષ્ટ્રીય ઊર્જા એજન્સી અનુસાર, એશિયામાં ઈલેક્ટ્રિક વાહનોનું સૌથી વધુ વેચાણ ચીનમાં થઈ રહ્યુ છે. 2024માં એક કરોડ દસ લાખ EV વેચાયા. આ કુલ વાહનોના લગભગ અડધા છે. ચીનમાં એપ્રિલ 2026માં રસ્તા પર દસમાંથી એક વાહન ઈલેક્ટ્રિક હતું. એશિયાના આર્થિક રીતે ઉભરતા દેશોમાં 2024માં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં 60 ટકાનો ઉછાળો નોંધાયો છે. વિયેતનામમાં 40 ટકા અને થાઈલેન્ડમાં 20 ટકાથી વધુનો વધારો થયો છે. ઈન્ડોનેશિયામાં પણ વૃદ્ધિ થઈ રહી છે. EV પર સરકારી સબસિડી અને ચીનના સસ્તા વાહનોએ વેપાર વધાર્યો છે. ભારતમાં ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર EVના વેચાણમાં 15 થી 25 ટકાનો વધારો થયો છે. કોસ્ટા રિકાના સાંસદ કાટિયા કેમ્બ્રોનેરોએ સંસદમાં ચાર્જિંગ સ્ટેશનોના નિર્માણની ગતિ તેજ કરવા માટે એક બિલ રજૂ કર્યું છે. કોસ્ટા રિકાના રાષ્ટ્રપતિ રોડ્રિગો શાવેઝ દ્વારા આ બિલને મંજૂરી મળવાની સંભાવના છે. જોકે, રાષ્ટ્રપતિ રોડ્રિગો અને કેમ્બ્રોનેરો કટ્ટર રાજકીય હરીફો છે. કોસ્ટા રિકા તેલનું ઉત્પાદન કરતું નથી અને તેની મોટાભાગની વીજળી જળવિદ્યુત (હાઈડ્રોપાવર) દ્વારા ઉત્પન્ન થાય છે. કોસ્ટા રિકાએ 2018માં ટેક્સ અને શુલ્કમાં છૂટ આપીને ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપ્યું છે.

# 'ગિફ્ટ સિટીથી 150 એરક્રાફ્ટ ભાડે અપાશે

# 2030 પહેલા અમદાવાદ એરપોર્ટને વર્લ્ડ ક્લાસ બનાવાશે, એક મહિનામાં પ્લેન ક્રેશનો રિપોર્ટ આવશે': નાગરિક ઉડ્ડયન મંત્રી

**કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે છેલ્લા 12 વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનના કારણે દેશના એવિએશન સેક્ટરમાં ક્રાંતિકારી બદલાવ આવ્યો છે.**

**ગાંધીનગર, તા. 08**

ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં યોજાયેલી 'ઈન્ડિયા એરક્રાફ્ટ લિઝિંગ એન્ડ ફાઈનાન્સિંગ સમિટ 2.0'માં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુએ ભારતના એવિએશન સેક્ટરના ઝડપી વિકાસ અને ગિફ્ટ સિટીની વધતી વૈશ્વિક ભૂમિકાને લઈને મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આગામી બે વર્ષમાં આશરે 150 એરક્રાફ્ટનું લિઝિંગ ગિફ્ટ સિટીમાંથી થવાનું છે અને એરલાઈન કંપની ઈન્ડિગો, વિસ્તારા સહિત અનેક કંપનીઓ અહીંથી લિઝિંગ પ્રક્રિયા હાથ ધરશે. વર્ષ 2030માં કોમનવેલ્થ પહેલા અમદાવાદ એરપોર્ટને વર્લ્ડક્લાસ બનાવવાનો પ્લાન છે. જ્યારે અમદાવાદ પ્લેન ક્રેશની ઘટના અંગે જણાવ્યું હતું કે, રિપોર્ટ એક મહિનામાં સામે આવશે. ઘટનાની તપાસ સંપૂર્ણ પારદર્શિતાથી ચાલી રહી છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે છેલ્લા 12 વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનના કારણે દેશના એવિએશન સેક્ટરમાં ક્રાંતિકારી બદલાવ આવ્યો છે. દેશમાં એરપોર્ટ અને એરક્રાફ્ટ બંનેની સંખ્યામાં વધારો થયો છે. હાલમાં દેશમાં 85 ટકા વિમાનો લિઝિંગ આધારિત છે અને હવે ભારત ઈચ્છે છે કે આ લિઝિંગ પ્રક્રિયા વિદેશના બદલે ગિફ્ટ સિટીમાંથી થાય. ગયા વર્ષની સમિટ દરમિયાન મળેલા સૂચનોના આધારે નીતિમાં મહત્વપૂર્ણ ફેરફારો કરવામાં આવ્યા છે. જેના કારણે આંતરરાષ્ટ્રીય રોકાણકારો અને કંપનીઓનો ગિફ્ટ સિટી તરફ વિશ્વાસ વધ્યો છે. દુનિયાને હવે ભારતમાં રસ છે અને ગિફ્ટ સિટીમાં રોકાણ કરવા માટે વૈશ્વિક કંપનીઓ આગળ આવી રહી છે. મંત્રી નાયડુએ સ્વીકાર્યું કે દેશમાં હાલ સૌથી મોટી જરૂર એરક્રાફ્ટની છે.

### 'બે વર્ષમાં 150 એરક્રાફ્ટ લીઝ કરાશે'

નાણામંત્રીજીએ બજેટમાં પણ ગિફ્ટ સિટીની લીઝિંગ ઈન્ડસ્ટ્રી માટે 20 વર્ષ સુધી ટેક્સ હોલિડે (Tax Holiday) જેવી જાહેરાતો કરી છે. આ નાના-મોટા સુધારાઓનું પરિણામ આજે આપણી સામે છે. એર ઈન્ડિયા ગિફ્ટ સિટીમાંથી 75થી વધુ એરક્રાફ્ટ લીઝ કરશે. ઈન્ડિગો હાલના 75 એરક્રાફ્ટની સંખ્યા વધારીને આગામી બે વર્ષમાં 150 એરક્રાફ્ટ અહીંથી લીઝ કરશે. સ્ટાર એર 6થી 8 એરક્રાફ્ટ માટે અહીંથી લીઝિંગ કરશે. અકાસા પણ લગભગ 60 એરક્રાફ્ટ અહીંથી લીઝ કરવાની તૈયારીમાં છે. આમ, લીઝિંગ મોડલમાં મોટી સફળતા હાંસલ કરી છે. અમારું મિશન છે કે દુનિયામાં જેમ ડબલિન, સિંગાપોર અને દુબઈ લીઝિંગ હબ છે, તેમ ભારત પણ એક મજબૂત ગ્લોબલ લીઝિંગ હબ તરીકે ઉભરી આવે.

### 'કાયદાકીય ફેરફારો કરીને લીઝિંગ પ્રક્રિયાને સરળ બનાવી'

આ પ્રગતિને આગળ ધપાવવા માટે 'લીઝિંગ' (Leasing) નો વિષય ખૂબ જ મહત્વનો છે. આજે ભારતના શિડ્યુલ ફ્લીટમાં 85 ટકા પ્લેન્સ લીઝ પર જ છે. એરલાઈન્સ પ્લેન ખરીદવાને બદલે લીઝિંગ મોડલ અપનાવતી હોય છે. ભારતની વધતી માંગને પહોંચી વળવા માટે આપણે એ સુનિશ્ચિત કરવું છે કે આ લીઝિંગ ભારતમાં જ થાય, અને ખાસ કરીને ગિફ્ટ સિટી જેવા વિશેષ હબ દ્વારા થાય.




## વેઈટિંગ ટિકિટ કન્ફર્મ થશે કે નહીં, AI જણાવશે, ઓગસ્ટથી ટ્રેનો હાઈટેક મોડ્યુલ પર શિફ્ટ થશે

**નવી દિલ્હી, તા. 08**

ભારતીય રેલવે તેના 40 વર્ષ જૂના પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (PRS)ને સંપૂર્ણપણે બદલવા જઈ રહ્યું છે. નવી સિસ્ટમ AIની મદદથી જણાવશે કે વેઈટિંગ ટિકિટ કન્ફર્મ થશે કે નહીં. રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે સોમવારે અધિકારીઓ સાથે બેઠક કરી અને ઓગસ્ટથી ટ્રેનોને નવી અપગ્રેડ સિસ્ટમ પર શિફ્ટ કરવાના નિર્દેશ આપ્યા. વર્તમાન રિઝર્વેશન સિસ્ટમ વર્ષ 1986માં શરૂ થઈ હતી. છેલ્લા 40 વર્ષમાં તેમાં ઘણા નાના ફેરફારો કરવામાં આવ્યા, પરંતુ હવે તેને લેટેસ્ટ ટેકનોલોજીની મદદથી સંપૂર્ણપણે નવું કરવામાં આવ્યું છે, જેથી તેની ક્ષમતા વધારી શકાય. સવાલ 1: રેલવે તેના રિઝર્વેશન સિસ્ટમમાં શું બદલવા જઈ રહ્યું છે?

જવાબ: રેલવે 40 વર્ષ જૂના રિઝર્વેશન સિસ્ટમને અપગ્રેડ કરી રહ્યું છે. ઓગસ્ટથી ટ્રેનોને જૂની સિસ્ટમમાંથી નવી અને એડવાન્સ સિસ્ટમ પર શિફ્ટ કરવાની પ્રક્રિયા શરૂ થશે. તેનો હેતુ બુકિંગ ક્ષમતા વધારવાનો અને અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો છે.

સવાલ 2: રેલ મંત્રીએ અધિકારીઓને શું નિર્દેશ આપ્યા છે?

જવાબ: રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે સિસ્ટમ અપગ્રેડ કરતી વખતે મુસાફરોને કોઈ અસુવિધા ન થવી જોઈએ. વૈષ્ણવે શિફ્ટિંગને સરળ અને પારદર્શી બનાવવા પર ભાર મૂક્યો.

સવાલ 3: દેશમાં ઓનલાઈન ટિકિટ બુકિંગનું ચલણ કેટલું વધ્યું છે?

જવાબ: રેલવેના જણાવ્યા અનુસાર, આજે દેશમાં કુલ ટિકિટિંગ ડિમાન્ડનો લગભગ 88% હિસ્સો ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા પૂરો થાય છે. 2002માં ઈન્ટરનેટ ટિકિટિંગની શરૂઆત એક મોટો માઈલસ્ટોન હતી.

## દારૂ અને બિયર 20% સુધી મોંઘા થઈ શકે : ઈરાન યુદ્ધની અસર

**મુંબઈ, તા. 08**

દારૂ બનાવતી કંપનીઓએ રાજ્ય સરકારો પાસે દારૂ, બિયર અને વાઈનની કિંમતો વધારવાની માંગ કરી છે. કંપનીઓનું કહેવું છે કે ઈરાન-અમેરિકા વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે સપ્લાય ચેઈન પ્રભાવિત થઈ છે. આનાથી કાચની બોટલો, એલ્યુમિનિયમ કેન અને પેકેજિંગ મટિરિયલનો ખર્ચ ઘણો વધી ગયો છે. દારૂ ઉદ્યોગની મુખ્ય સંસ્થાઓ કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન આલ્કોહોલિક બેવરેજ કંપનીઝ (CIABC) અને બ્રુઅર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (BAI)એ



રાજ્યોને પત્ર લખીને કિંમતોમાં ફેરફાર કરવાની મંજૂરી માંગી છે. BAIએ ઈનપુટ કોસ્ટમાં વધારાની ભરપાઈ કરવા માટે 15%-20% સુધી ભાવ વધારવાનું સૂચન કર્યું છે. BAIમાં યુનાઈટેડ બ્રુઅર્સ, એબી ઈનબેવ અને કાર્લ્સબર્ગ જેવી મોટી કંપનીઓ શામેલ છે, જેમનો દેશના બિયર માર્કેટમાં લગભગ 85% હિસ્સો છે. કંપનીઓનું કહેવું છે કે નફો સતત ઘટી રહ્યો છે અને ખર્ચ એટલો વધી ગયો છે કે હવે જૂના ભાવે ધંધો કરવો મુશ્કેલ બની રહ્યો છે.

## રેડમી પેડ 2 પ્રો, 12.1 ઈંચની ડિસ્પ્લે, 12000mAhની દમદાર બેટરી અને 5 દિવસનો બેકઅપ; રિવર્સ ચાર્જિંગ સાથે વેલ્યુ ફોર મની પેકેજ

**મુંબઈ, તા. 08**

રેડમીએ પોતાનું નવું ટેબલેટ 'રેડમી પેડ 2 પ્રો' ભારતમાં લોન્ચ કર્યું છે. મિડરેન્જ સેગમેન્ટનો આ ટેબ 12,000mAh બેટરી સાથે આવ્યું છે. તેની શરૂઆતની કિંમત 24,999 રૂપિયા છે. આ ટેબને અમારી ટીમ બે મહિનાથી ઉપયોગ કરી રહી છે. અમે તેની ખાસિયતો અને ખામીઓને જાણી છે. તો ચાલો જાણીએ, તેમાં શું ખાસ છે.

ડિઝાઈન: મેટલ બોડી અને હેડફોન જેક સાથે 4 સ્પીકર્સ

બોક્સમાં ટેબ્લેટ સાથે કેટલાક ડોક્યુમેન્ટ્સ, 33W ફાસ્ટ ચાર્જિંગ એડેપ્ટર અને ટાઈપ-A થી ટાઈપ-C કેબલ મળે છે. દેખાવ અને રંગ: 'રેડમી પેડ 2 પ્રો' ફુલ મેટલ યુનિબોડી ડિઝાઈન સાથે આવે છે, જે તેને પ્રીમિયમ અને મજબૂત દેખાવ આપે છે. રીઅર પેનલ પર એક ખાસ 'ઝિગઝેગ' પેટર્ન આપવામાં આવી છે, જ્યાં કેમેરા અને બ્રાન્ડિંગ હાજર છે. આ ટેબ્લેટ ગ્રેફાઈટ ગ્રે અને ક્વિક સિલ્વર જેવા બે રંગોમાં ઉપલબ્ધ છે. સાઉન્ડ અને કનેક્ટિવિટી: સાઉન્ડ માટે તેમાં બંને બાજુ 4 સ્પીકર્સ (ક્વાડ સ્પીકર્સ) આપવામાં આવ્યા છે. તેમાં USB ટાઈપ-C પોર્ટ સાથે 3.5mm હેડફોન જેક પણ મળે છે. ટેબના ઉપરના ભાગમાં વોલ્યુમ બટન અને સિમ ટ્રે આપવામાં આવી છે, જ્યારે પાવર બટન બાજુમાં છે. વજન અને સાઈઝ: માત્ર 7.5mm પાતળું હોવાને કારણે તેને હાથમાં પકડવું સરળ છે અને પકડ સારી રહે છે. જોકે, 602 ગ્રામ વજન હોવાને કારણે તે થોડું ભારે લાગી શકે છે, પરંતુ મોટી સ્ક્રીન અને બેટરીને ધ્યાનમાં લેતા તેને સાથે રાખવું મુશ્કેલ લાગતું નથી. એકંદરે, ટેબ્લેટ દેખાવમાં મજબૂત અને પ્રીમિયમ છે. 'રેડમી પેડ 2 પ્રો'ની રીઅર પેનલ પર એક ખાસ 'ઝિગઝેગ' પેટર્ન આપવામાં આવી છે.

ડિસ્પ્લે: 12.1 ઈંચ સ્ક્રીન અને ભીના હાથે પણ ચાલતી ટચ સ્ક્રીન

રેડમી પેડ 2 પ્રોનું સૌથી ખાસ ફીચર તેની 12.1 ઈંચની મોટી 2.5K સ્ક્રીન છે. તેમાં 120Hz નો રિફ્રેશ રેટ આપવામાં આવ્યો છે, જેનાથી સ્ક્રોલિંગ અને નેવિગેશન ખૂબ જ સ્મૂથ રહે છે. ડોલ્બી વિઝન સપોર્ટ હોવાને કારણે તેના પર વીડિયો જોવા અને ગેમ રમવાનો અનુભવ શાનદાર મળે છે. કલર્સ અને ડિટેલ્સ એકદમ ક્લિયર દેખાય છે અને તમે તેના પર 4K વીડિયોનો આનંદ લઈ શકો છો.

વિઝિબિલિટી: ટેબ્લેટમાં 600 nitsની પીક બ્રાઈટનેસ છે, જે ઘરની અંદર અને બહાર બંને જગ્યાએ સારી વિઝિબિલિટી આપે છે. સ્ક્રીનને લો બ્લુ લાઈટ અને ફ્લિકર ફ્રી સર્ટિફિકેશન મળેલું છે, જેનો અર્થ છે કે લાંબા સમય સુધી ઉપયોગ કરવા છતાં પણ આંખો પર વધુ દબાણ નહીં આવે. જોકે, તેમાં LCD પેનલ છે, જેના કારણે આઈકન્સ થોડા સોફ્ટ દેખાય છે.

વેટ ટચ ફીચર: તેમાં વેટ ટચ ફીચર આપવામાં આવ્યું છે, જેનાથી જો સ્ક્રીન પર પાણી પડી જાય અથવા તમારા હાથ પરસેવાથી ભીના હોય, તો પણ ટચ રિસ્પોન્સ એકદમ પરફેક્ટ કામ કરે છે. કુલ મળીને, તેની સ્ક્રીન કન્ટેન્ટ જોવાના શોખીનો માટે એક ઉત્તમ પેકેજ છે.

### સાબરમતીમાં જાહેરમાં દારૂનું વેચાણ કરનાર અને લેવા જનાર સહિત 13 ઝડપાયા, SMCએ પરત જવું પડ્યું

# SMC અને સાબરમતી પોલીસ એક સાથે દરોડો પાડવા પહોંચી

- સાબરમતીના 'ભૂત બંગલા' ચાર રસ્તા પાસે રેલવે કોલોનીમાં એક વડના ઝાડ નીચે જાહેરમાં વિદેશી દારૂ અને બીયરનું વેચાણ થઈ રહ્યું હતું.
- ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલને આ અંગે બાતમી મળતા દરોડો પાડવા રવાના થયા હતા



**અમદાવાદ, તા.08**

શહેરના સાબરમતી વિસ્તારમાં પોલીસની કામગીરી અને સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) વચ્ચેની ખેંચતાણનો એક કિસ્સો સામે આવ્યો છે. રેલવે કોલોનીમાં ચાલતા દારૂના અડ્ડા પર દરોડો પાડવા ગાંધીનગરથી SMCની ટીમ પહોંચી હતી, પરંતુ તે જ સમયે સ્થાનિક સાબરમતી પોલીસ પણ ત્યાં હાજર થઈ ગઈ હતી. સાબરમતીના 'ભૂત બંગલા' ચાર રસ્તા પાસે રેલવે કોલોનીમાં એક વડના ઝાડ નીચે જાહેરમાં વિદેશી દારૂ અને બીયરનું વેચાણ થઈ રહ્યું હતું. ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલને આ અંગે બાતમી મળતા દરોડો પાડવા રવાના થયા હતા. જોકે, આ માહિતીની જાણ સાબરમતી પોલીસને પણ થઈ જતાં બંને ટીમો એકસાથે ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે સ્થળ પરથી દારૂ વેચનાર અને ખરીદવા આવેલા ગ્રાહકો સહિત 13ની ધરપકડ કરી છે. જોકે, દારૂના વેચાણનો મુખ્ય સૂત્રધાર બાલમુર્ગન દ્રવિડ પોલીસને જોઈને ફરાર થવામાં સફળ રહ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે દારૂ અને બીયરની 99 બોટલ કબજે કરી છે. જ્યારે અલગ-અલગ વાહનો સહિત આશરે 5.95 લાખનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આ દારૂનો જથ્થો જીતુ ડામોર પાસેથી લાવવામાં આવ્યો હતો, જેને વિશાલ રાવત અને બાલમુર્ગન દ્રવિડ દ્વારા વેચવામાં આવતો હતો. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, SMCની ટીમ દરોડો પાડવા આવી રહી હોવાની ગંધ સાબરમતી પોલીસને આવી ગઈ હતી. બહારની એજન્સી દરોડો પાડી જાય તો સ્થાનિક પોલીસની બેદરકારી ગણાય, તે ડરથી સાબરમતી પોલીસ ત્વરિત ત્યાં પહોંચી ગઈ હતી. અંતે, સાબરમતી પોલીસે પોતે પહેલા પહોંચ્યા હોવાનો દાવો કર્યો હતો અને SMCને પરત જવું પડ્યું હતું. સાબરમતી પોલીસ સ્ટેશનના પી.આઈ. વાય.આર. વાઘેલાએ જણાવ્યું હતું કે, અમે સ્થળ પર પહેલા પહોંચ્યા હોવાથી આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

#### 5.95 લાખનો મુદ્દામાલ જપ્ત

આ કાર્યવાહી દરમિયાન પોલીસે દારૂ અને બીયરની 99 બોટલ કબજે કરી છે. જ્યારે અલગ-અલગ વાહનો સહિત આશરે 5.95 લાખનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આ દારૂનો જથ્થો જીતુ ડામોર પાસેથી લાવવામાં આવ્યો હતો, જેને વિશાલ રાવત અને બાલમુર્ગન દ્રવિડ દ્વારા વેચવામાં આવતો હતો.

#### વડના ઝાડ નીચે દારૂનું વેચાણ થતું હતુ

સાબરમતીના 'ભૂત બંગલો' ચાર રસ્તા પાસે રેલવે કોલોનીમાં એક વડના ઝાડ નીચે જાહેરમાં વિદેશી દારૂ અને બીયરનું વેચાણ થઈ રહ્યું હતું. ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલને આ અંગે બાતમી મળતા દરોડો પાડવા રવાના થયા હતા. જોકે, આ માહિતીની જાણ સાબરમતી પોલીસને પણ થઈ જતાં બંને ટીમો એકસાથે ઘટનાસ્થળે પહોંચી હતી.

**ક્રેડિટ લેવા માટે SMC-પોલીસ વચ્ચે ખેંચતાણ :** સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, SMCની ટીમ દરોડો પાડવા આવી રહી હોવાની ગંધ સાબરમતી પોલીસને આવી ગઈ હતી. બહારની એજન્સી દરોડો પાડી જાય તો સ્થાનિક પોલીસની બેદરકારી ગણાય.

# ગાંધીનગરનો યુવક 'મોયા મોયા' બીમારીનો શિકાર બન્યો

### લાખોનો ખર્ચ, આઠ વર્ષ પથારીવશ રહ્યો ; આયુર્વેદિક સારવારથી 35 દિવસમાં ચાલતો થયાનો દાવો



**ગાંધીનગર, તા.08**

મેડિકલ સાયન્સમાં ક્યારેક એવા કિસ્સા બને છે જે વર્ષો જૂની આયુર્વેદિક ચિકિત્સા પદ્ધતિની તાકાતનો પુનઃ પરિચય કરાવે છે. ગુજરાતમાં 'મોયા મોયા' નામની અત્યંત દુર્લભ બીમારીનો પ્રથમ કિસ્સો પાટનગરમાં સામે આવ્યો છે. છેલ્લાં આઠ વર્ષથી પથારીવશ અને લાખો રૂપિયાના ખર્ચ બાદ પણ અસહાય બનેલા યુવાનને ગાંધીનગરની સરકારી આયુર્વેદ હોસ્પિટલના પંચકર્મ નિષ્ણાત ડૉ. રાકેશ ભટ્ટે માત્ર 35 દિવસની સારવારમાં પોતાના પગે ચાલતો કરી દીધો છે. ગાંધીનગરના સેક્ટર-26માં રહેતા અને કલોલની અરવિંદ મિલમાં નોકરી કરતા દિલીપસિંહ બિહોલાના પુત્ર હર્ષને વર્ષ 2016માં પ્રથમ વખત સ્ટ્રોક આવ્યો હતો. જે બાદ 2018માં બીજા સ્ટ્રોકે તેને સંપૂર્ણપણે પથારીવશ કરી દીધો હતો. પિતાએ દીકરાને સ્વયંભૂ પગભર માટે ગાંધીનગર, અમદાવાદ, મુંબઈ અને દિલ્હીના નામાંકિત તબીબોના ઉંબરા ઘસ્યા હતા. ત્યારે તપાસમાં બહાર આવ્યું કે હર્ષ 'મોયા મોયા' જેવી જટિલ બીમારીથી પીડિત છે. આ બીમારીની સારવાર માટે નાભિમાં 18 હજારની કિંમતના મોંઘા ઈન્જેક્શનો અને ભારે એન્ટીબાયોટિક્સ પાછળ પિતાએ પોતાની આજીવન જમાપુંજી અને નોકરીના નાણાં મળીને અંદાજે 40 થી 50 લાખ રૂપિયા ખર્ચી નાખ્યા હતા. પરિવારે એલોપેથી સારવાર કરાવ્યા બાદ આયુર્વેદિક સારવાર કરાવવાનો નિર્ણય કર્યો.

ત્યારે પિતા હર્ષને લઈને સેક્ટર-22ની સરકારી આયુર્વેદ હોસ્પિટલના વૈધ ડૉ. રાકેશ ભટ્ટ પાસે પહોંચ્યા હતા .ડૉ. ભટ્ટે હર્ષની નાડી તપાસીને આયુર્વેદિક પદ્ધતિથી નિદાન કર્યું અને પંચકર્મ ચિકિત્સા શરૂ કરી હતી .માત્ર 35 દિવસની સઘન સારવાર અને તે પણ તદ્દન મફત, જેનું પરિણામ આજે નજર સામે છે. હર્ષ જે બે વ્યક્તિના ટેકા વગર ઊભો થઈ શકતો નહોતો, તે આજે 70 ટકા જેટલો સ્વસ્થ થઈ હોસ્પિટલના કોરિડોરમાં જાતે હરતો-ફરતો થયો છે. આ બીમારીની સારવાર માટે નાભિમાં 18 હજારની કિંમતના મોંઘા ઈન્જેક્શનો અને ભારે એન્ટીબાયોટિક્સ પાછળ પિતાએ પોતાની આજીવન જમાપુંજી અને નોકરીના નાણાં મળીને અંદાજે 40 થી 50 લાખ રૂપિયા ખર્ચી નાખ્યા હતા. પરિવારે એલોપેથી સારવાર કરાવ્યા બાદ આયુર્વેદિક સારવાર કરાવવાનો નિર્ણય કર્યો. ત્યારે પિતા હર્ષને લઈને સેક્ટર-22ની સરકારી આયુર્વેદ હોસ્પિટલના વૈધ ડૉ. રાકેશ ભટ્ટ પાસે પહોંચ્યા હતા .ડૉ. ભટ્ટે હર્ષની નાડી તપાસીને આયુર્વેદિક પદ્ધતિથી નિદાન કર્યું અને પંચકર્મ ચિકિત્સા શરૂ કરી હતી .માત્ર 35 દિવસની સઘન સારવાર અને તે પણ તદ્દન મફત, જેનું પરિણામ આજે નજર સામે છે. હર્ષ જે બે વ્યક્તિના ટેકા વગર ઊભો થઈ શકતો નહોતો, તે આજે 70 ટકા જેટલો સ્વસ્થ થઈ હોસ્પિટલના કોરિડોરમાં જાતે હરતો-ફરતો થયો છે.

# પ્રાથમિક સુવિધાના કામો મામલે મ્યુ. કમિશનર આકરા પાણીએ

### નાગરિકો સાથે ગેરવર્તણૂક, લાઈટ-સફાઈ મામલે 13 અધિકારીઓ-કર્મચારીઓને શો-કોઝ નોટિસ આપી ખુલાસા માંગ્યા

**અમદાવાદ, તા.08**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા 13 અધિકારીઓ અને કર્મચારીઓને મ્યુનિસિપલ કમિશનર દ્વારા શો-કોઝ નોટિસ ફટકારીને ખુલાસો માંગવામાં આવ્યો છે. નાગરિકો સાથે ગેરવર્તણુક કરવાથી લઈ સાફ-સફાઈ અને લાઈટો બંધ હોવા અંગેની ફરિયાદો મળતા યોગ્ય કામગીરી ન કરવા બદલ તેમને નોટિસ આપવામાં આવી છે. માત્ર એક મહિનામાં જ મ્યુનિસિપલ કમિશનર દ્વારા 13 અધિકારીઓ-કર્મચારીઓને નોટિસ ફટકારવામાં આવતા મ્યુનિસિપલ કોર્પોરેશનના તંત્રમાં ફફડાટ ફેલાયો છે. નાગરિકોની મળતી ફરિયાદો અને યોગ્ય કામગીરી ન કરનારા અધિકારીઓ સામે મ્યુનિસિપલ કમિશનરે કડક વલણ અપનાવ્યું છે. પાણી, ગટર, લાઈટ અને સાફ-સફાઈ વગેરે શહેરની પ્રાથમિક સુવિધાઓની કામગીરીમાં બેદરકારી જોવા મળી હતી. ઉત્તર ઝોનના એડિશનલ સિટી ઈજનેર ગોપાલ પટેલ અને આસિસ્ટન્ટ ઈજનેર દિલીપ પ્રજાપતિ દ્વારા ઠક્કરબાપાનગર વિસ્તારમાં સ્થાનિક રહીશો સાથે પાણીના પ્રશ્નોનું યોગ્ય રીતે નિરાકરણ લાવવાની જગ્યાએ ગેર વર્તણુક કરી હતી જે બાબતે બંને અધિકારીઓને શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી હતી.

# ગુજરાતનો દરિયો 1600 કિમીથી વધીને 2340 કિમી થયા બાદ શું?



**ગાંધીનગર, તા.08**

વર્ષ 2025માં નેશનલ હાઈડ્રોગ્રાફિક ઓફિસ (NHO) ગુજરાત સહિત ભારતના દરિયાકાંઠાનું પુનઃ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના દરિયાકાંઠાની લંબાઈ 1600 કિમીથી વધઈને 2340 કિમી થઈ હતી. આ નવા સર્વે બાદ ગુજરાતના દરિયાકાંઠા પર કેવી તકો રહેલી છે?, તેનાથી કેટલો ફાયદો નુકસાન તે જાણવા માટે ભાસ્કરે નિષ્ણાંતો સાથે વાત કરી હતી. મરીન બાયોલોજિસ્ટ અને વૈજ્ઞાનિક ડૉ. દિશાન્ત પારાશર્યએ આ વધારા પાછળના કારણો સમજાવતા જણાવ્યું કે, આ કોઈ નવો દરિયો સર્જાયો નથી, પરંતુ આધુનિક ટેક્નોલોજી અને હાઈ-રિઝોલ્યુશન ડેટાના ઉપયોગથી હવે નાના-નાના ક્રિક વિસ્તાર અને ટાપુઓ (આઈલેન્ડ્સ) પણ ચોક્કસ રીતે માપવામાં આવ્યા છે. અગાઉ જે વિસ્તારો ગણતરીમાં આવ્યા નહોતા, તે હવે સત્તાવાર રીતે ઉમેરાયા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, વિસ્તાર વધતા સૌથી મહત્વની જરૂરિયાત એ છે કે ત્યાંની હાઈડ્રોલોજી (ઓશિયોનોગ્રાફી) અને જૈવિક વિવિધતાનો વ્યાપક અભ્યાસ કરવામાં આવે. જો આ વિસ્તારો પર્યાવરણની દ્રષ્ટિએ અનોખા હોય, તો તેમને સંરક્ષિત વિસ્તાર જાહેર કરવો જરૂરી બને, જ્યારે બીજી તરફ બ્લ્યુ ઈકોનોમીના ભાગરૂપે આર્થિક પ્રવૃત્તિઓ માટે પણ તેનો ઉપયોગ થઈ શકે છે. આ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર સાથે તમામ સ્ટેકહોલ્ડર્સની રાઉન્ડ ટેબલ બેઠક યોજવી જરૂરી હોવાનું તેમણે સૂચન કર્યું. ડૉ. પારાશર્યએ દરિયાકિનારા પર વધતા જોખમો અંગે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું કે, દરિયો આગળ વધવાનું મુખ્ય કારણ જમીનનું ધોવાણ છે. સુનામી જેવી પરિસ્થિતિઓ કે અન્ય પ્રાકૃતિક પ્રક્રિયાઓના કારણે દરિયો અંદર તરફ વધે છે. તેના કારણે જમીન ખારી બનતી જાય છે, ખેતીને નુકસાન થાય છે અને રહેવા યોગ્ય જમીન ઘટે છે. દક્ષિણ ગુજરાતના ઉદવાડા વિસ્તારમાં છેલ્લા 20 વર્ષમાં દરિયાકિનારાના ધોવાણના ઉદાહરણો જોવા મળ્યા છે અને તે અંગે સંશોધન પણ ચાલુ છે. વિસ્તાર વધતા દરિયાઈ જીવસૃષ્ટિ અંગે તેમણે જણાવ્યું કે, વિસ્તાર તો પહેલેથી હતો પરંતુ હવે તે નોંધાયો છે. આ નવા વિસ્તારોમાં નવી અને એન્ડેમિક પ્રજાતિઓ મળવાની શક્યતા પણ છે. ઉદાહરણ તરીકે ઓખા નજીક પોશિત્રા ગામે જોવા મળતી 'સાયકોરોલોસી ગુજરાતીકા' નામની દુર્લભ પ્રજાતિ વિશ્વમાં માત્ર તે જ વિસ્તારમાં જોવા મળે છે. આવી જ નવી પ્રજાતિઓ નવા નોંધાયેલા વિસ્તારોમાં મળી શકે છે, જેને નકારી શકાય તેમ નથી.

# સુરેન્દ્રનગરમાં પ્રતિબંધિત 'સાંઢા' વન્યજીવનો શિકાર કરનાર ઝડપાયો



**સુરેન્દ્રનગર, તા.08**

સુરેન્દ્રનગર વન વિભાગે પ્રતિબંધિત 'સાંઢા' વન્યજીવનો શિકાર કરનાર એક શખ્સને ઝડપી પાડ્યો છે. થાનગઢની ચોરવીરા અનામત વીડીમાંથી આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. વન વિભાગે જીવંત સાંઢો, બાઈક અને રોકડ સહિત કુલ રૂ. 2.32 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સુરેન્દ્રનગર ક્ષેત્રિય વન વિભાગના નાયબ વન સંરક્ષક ડો. તુષાર પટેલ અને મદદનીશ નાયબ વન સંરક્ષક સ્વપ્નીલ પટેલના માર્ગદર્શન હેઠળ વન વિભાગની ટીમે આ કાર્યવાહી કરી હતી. થાનગઢ ક્ષેત્રિય રેન્જના સ્ટાફે ચોરવીરા અનામત વીડીના સર્વે નંબર 570માં પેટ્રોલિંગ દરમિયાન દલસુખભાઈ મનજીભાઈ માથાસુરીયા (રહે. ચોરવીરા) નામના શખ્સને વન્યજીવનો શિકાર કરતા રંગે હાથ ઝડપી પાડ્યો હતો. વન વિભાગે આરોપી પાસેથી એક જીવંત સાંઢો, શિકાર માટે વપરાતા દોરીના ગાળા, એક સુપર સ્પ્લેન્ડર મોટર સાઈકલ (નંબર GJ-13-BK-6465) અને રોકડ મળી કુલ રૂ. 2,32,500નો મુદ્દામાલ સરકારી રેકર્ડ પર જપ્ત કર્યો છે.

# લીંબડી હોસ્પિટલમાં દર્દીઓની ભીડ

### કાળઝાળ ગરમીથી ડિહાઈડ્રેશનના કેસમાં વધારો

**સુરેન્દ્રનગર, તા.08**

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી ખાતે આવેલી સરકારી આર.આર. હોસ્પિટલમાં કાળઝાળ ગરમીના કારણે દર્દીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી ડીહાઈડ્રેશન, ઉલટી, ચક્કર અને તાવ જેવા રોગોના કેસોમાં સતત વધારો નોંધાયો છે. હોસ્પિટલના ઓપીડી વિભાગમાં સવારથી જ દર્દીઓની લાંબી કતારો જોવા મળી હતી. ખાસ કરીને નાના બાળકો, વૃદ્ધો અને ગરમીમાં કામ કરતા મજૂર વર્ગના લોકો વધુ અસરગ્રસ્ત બન્યા છે. દર્દીઓની વધતી સંખ્યાને કારણે આરોગ્ય વિભાગ પણ ચિંતિત બન્યો છે. હોસ્પિટલ સ્ટાફ દ્વારા દર્દીઓને પૂરતી સારવાર આપવામાં આવી રહી છે. લોકોને ગરમીમાં બહાર નીકળતી વખતે સાવચેતી રાખવા, વધુ પાણી પીવા અને તડકાથી બચવા અપીલ કરવામાં આવી છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599




